**દલિત અધિકાર એ જ માનવ અધિકાર**

# દલિત અધિકાર (પાક્ષિક)

તંત્રી : પ્રકાશકુમાર રા. મહેરિયા ● R.N.I. No. : GUJGUJ/2005/17601 ● Regd. No. GAMC-1494/2017-19 Valid upto 31-12-2019

વર્ષ : ૧૪ અંક : ૭-૮ સળંગ અંક : ૩૧૯-૩૨૦ પ્રકાશન : તા. ૦૧/૧૬-૧૧-૧૮ પોસ્ટીંગ : તા. ૦૫-૧૧-૧૮ પાનાં : ૧૬ વાર્ષિક લવાજમ રૂ. ૭૫/- છૂટક રૂ. ૬/- 

## ગુજરાત વિધાનસભામાં દલિતોના સવાલો અને દલિત પ્રતિનિધિઓ

**વિશ્લેષણ**

**ચંદુ મહેરિયા**

ગુજરાત વિધાનસભાનું બે દિવસનું વર્ષાસત્ર ૧૮, ૧૯ સપ્ટેમ્બર ૨૦૧૮ના રોજ મળ્યું હતું . પ્રથમ દિવસની કાર્યવાહી પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપાઈને અંજલિ આપીને મોકુફ રખાઈ.એટલે છ મહિને મળેલી આ વિધાનસભાએ પ્રજાના પ્રશ્નો માટે માત્ર એક જ દિવસ કામ કર્યું. ૧૯મી સપ્ટેમ્બરે વિધાનસભાની બે બેઠકો મળી હતી. આ બંને બેઠકોની તારાંકિત પ્રશ્નોતરીની પુસ્તિકા અને આ સત્રમાં ગ્રુહમાં મુકાયેલી અતારાંકિત પ્રશ્નોની પુસ્તિકાના આધારે ગુજરાત વિધાનસભાના દલિત ધારાસભ્યોની કામગીરી આલેખવાનો અને તેની સમીક્ષા કરવાનો અહીં પ્રયાસ કરાયો છે.

ગુજરાત વિધાનસભાની દલિતો માટેની ૧૩ અનામત બેઠકો પૈકી ૭ બેઠકો પર ભારતીય જનતા પક્ષના, ૫ બેઠકો પર કોંગ્રેસના અને એક બેઠક પર કોંગ્રેસ સમર્થિત અપક્ષ ઉમેદવાર વિધાનસભ્ય છે.ભારતીય જનતા પક્ષના બારડોલી દલિત અનામત બેઠક પરના ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમાર વર્તમાન સરકારના પ્રધાનમંડળમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી હોઈ અહીં ૬ શાસક પક્ષના અને ૬ વિરોધપક્ષના ધારાસભ્યોની, વિધાનસભા પ્રશ્નોતરીને આધારે, ધારાસભાકીય કામગીરી મૂલવવાનો પ્રયત્ન કર્યો છે.

છેલ્લે ગુજરાત વિધાનસભાની બેઠક ફેબ્રુઆરી માર્ચ મહિનામાં બજેટ સત્ર રૂપે મળી હતી. તે પછી છ મહિને મળેલી વિધાનસભામાં વીત્યા છ મહિનામાં ગુજરાતના દલિતોના સવાલો, તેમના આંદોલનો આ પ્રશ્નોતરીમાં જોવા મળે છે કે કેમ તે પણ નાણવાનો અહીં પ્રયત્ન કરીશું.

ચૌદમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રની પહેલી બેઠકમાં કુલ ૩૭૫ તારાંકિત પ્રશ્નો રજૂ થયા હતા. તેમાં દલિત અનામત બેઠકો પર ચૂંટાયેલા ધારાસભ્યોએ ૩૨ પ્રશ્નો રજૂ કર્યા હતા. ૬ કેબીનેટ અને ૩ રાજ્યકક્ષાના સ્વતંત્ર હવાલો ધરાવતા મંત્રીઓના વિભાગને લગતા ૩૭૫ સવાલ જવાબ રજૂ થયા છે. બીજી બેઠકમાં ૫ કેબીનેટ અને ૧ રાજ્યકક્ષાના સ્વતંત્ર હવાલો ધરાવતા મંત્રી, એમ કુલ ૬, મંત્રીઓના વિભાગોના ૩૪૩ પ્રશ્નો અને જવાબો રજૂ થયા હતા. તેમાં દલિત ધારાસભ્યોના ૩૦ સવાલો હતા. બંને બેઠકોના તારાંકિત પ્રશ્નોની કુલ સંખ્યા ૭૧૮ હતી. તેમાં દલિત ધારાસભ્યોના પ્રશ્નો ૬૨ હતા. તેનો અર્થ એ થયો કે દલિત ધારાસભ્યોનું પ્રતિનિધિત્વ લગભગ ૧૧ ટકા જેટલું હતું. ૫૦ અતારાંકિત પ્રશ્નોમાં બે જ દલિત ધારાસભોના પ્રશ્નો હતા એટલે કે ૪ ટકા પ્રતિનિધિત્વ હતું.

જે ૧૨ ધારાસભ્યોએ ૬૨ તારાંકિત પ્રશ્નો પૂછ્યા તેમાં પાંચ ધારાસભ્યો(પ્રદિપ પરમાર, શૈલેષ પરમાર,મોહનભાઈ વાળા, કરસનભાઈ સોલંકી અને હિતુ કનોડિયા)એ છ-છ, ચાર ધારાસભ્યો(જિજ્ઞેશ મેવાણી, પ્રવીણ મુસડિયા, મનીષા વકીલ અને લાખાભાઈ સાગઠિયા)એ પાંચ પાંચ, ત્રણ ધારાસભ્યો (પ્રવીણ મારુ,માલતી મહેશ્વરી અને નૌશાદ સોલંકી)એ ચાર-ચાર પ્રશ્નો પૂછ્યા હતા. સૌથી વધુ છ-છ પ્રશ્નો પૂછનારમાં ત્રણ બીજેપીના અને બે કોંગ્રેસના હતા. તો સૌથી ઓછા ચાર-ચાર પ્રશ્નો પૂછનાર ધારાસભ્યોમાં બે કોંગ્રેસના અને એક બીજેપીના હતા.

એક જ દિવસની બે બેઠકોની તારાંકિત પ્રશ્નોતરીમાં ૧૫ મંત્રીઓના ૬૦ વિભાગોના પ્રશ્નો હતા. પરંતુ દલિત ધારાસભ્યોએ ૨૪ વિભાગોને લગતા જ પ્રશ્નો પૂછ્યા છે. અર્થાત અડધા કરતાં વધુ વિભાગોને દલિત ધારાસભ્યોના પ્રશ્નોનો લાભ મળ્યો નથી !!. જે વિભાગને લગતો એક પણ પ્રશ્ન દલિત ધારાસભ્યોએ વિધાનસભામાં પૂછ્યો નથી તે વિભાગો છે : આદિજાતિ વિકાસ, માર્ગ અને મકાન, નર્મદા, પાટનગર યોજના,ગ્રામ વિકાસ, મત્સ્યોદ્યોગ, કુટિર ઉદ્યોગ, ગ્રામ ગૃહ નિર્માણ, વાહન વ્યવહાર, પોલીસ હાઉસીંગ, નશાબંધી અને આબકારી, કલ્પસર, પર્યાવરણ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, ગોસંવર્ધન, નાગરિક ઉડ્ડયન, વૈધાનિક અને સંસદીય બાબતો, બંદરો, પેટ્રોકેમિકલ્સ, ક્લાયમેન્ટ ચેન્જ, આયોજન, સાયન્સ એન્ડ ટેકનોલોજી અને અન્ય. રાજ્યના મુખ્ય મંત્રી, મત્રીમંડળમાં ૧૧ વિભાગોનો હવાલો ધરાવે છે. એટલે સ્વાભાવિક રીતે દલિત ધારાસભ્યોના ૬૨ પ્રશ્નોમાં સૌથી વધુ ૧૦ પ્રશ્નો મુખ્યમંત્રી હસ્તકના ૫ વિભાગોના હતા. તેમાં ગૃહ વિભાગના ૬ પ્રશ્નો હતા. જેની સાથે દલિત ધારાસભ્યોને સીધો સંબંધ છે તેવા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને લગતા ૯ પ્રશ્ન પૂછાયા હતા. તેમાં નોંધપાત્ર બાબત એ છે કે ભાજપના બંને મહિલા ધારાસભ્યો મનીષા વકીલ(વડોદરા શહેર) અને માલતી મહેશ્વરી(ગાંધીધામ)એ એક પણ પ્રશ્ન સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને લગતો પૂછ્યો નથી! એ જ રીતે કોંગ્રેસના મોહનભાઈ વાળા(કોડિનાર), પ્રવીણ મારુ (ગઢડા) અને પ્રવીણ મુસડિયા (કાલાવાડ) એ પણ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને લગતો એક પણ પ્રશ્ન પૂછ્યો નથી ! સત્તાપક્ષના કાલાવાડના ધારાસભ્ય લાખાબાઈ સાગઠિયા અને કડીના કરસનભાઈ સોલંકીએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રીને બે બે, જ્યારે એ જ પક્ષના પ્રદિપ

પરમાર(અસારવા, અમદાવાદ) અને હિતુ કનોડિયા( ઈડર)એ એક એક સવાલ પૂછ્યો હતો. કોંગ્રેસના શૈલેષ પરમાર(શહેર કોટડા, અમદાવાદ) ,નૌશાદ સોલંકી (દસાડા) અને અપક્ષ જિજ્ઞેશ મેવાણી (વડગામ)એ પણ આ વિભાગને લગતો એકએક પ્રશ્ન પૂછ્યો હતો.

દલિત ધારાસભ્યોના પ્રશ્નોમાં અને મંત્રીઓના જવાબોમાં દલિત પ્રશ્નો વિશેની નિસબત છતી થાય છે. વીત્યા છ-બાર મહિનામાં દલિત અત્યાચારો, અનામત અને શિક્ષણના સવાલો, જમીનનો પ્રશ્ન, બજેટ ફાળવણી અને તે માટેનો જુદો કાયદો, સફાઈ કામદારો અને બેરોજગારો જેવા સવાલો દલિત આંદોલનોમાં પડઘાતા રહ્યા છે. પણ તેનું પ્રતિબિંબ દલિત ધારાસભ્યોની ધારાસભાની કામગીરીમાં પડઘાય છે કે કેમ તેવા સવાલનો જવાબ બહુ નિરાશાજનક છે. બીજેપીના દલિત ધારાસભ્યો એ સરકારની દલિતોને લગતી યોજનાઓની બહુ નબળી માહિતી આ પ્રશ્નોતરી દ્વારા ઉજાગર કરી છે તો વિપક્ષના સભ્યોએ સરકારને સકંજામાં લેવાનો થોડો પ્રયત્ન કર્યો હતો. જિજ્ઞેશ મેવાણીએ પાટણ દલિત આત્મ વિલોપનનો પ્રશ્ન ઉઠાવ્યો હતો. તેમના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૧૩૩૫માં ગૃહ વિભાગ સંભાળતા મુખ્યમંત્રીએ કબૂલ્યું હતું કે ભાનુભાઈ વણકર આત્મવિલોપનના બનાવની તપાસ માટે રચાયેલ સીટે તા.૩૧મી માર્ચ ૨૦૧૮ સુધીમાં તેની તપાસ પૂર્ણ કરવાની હતી પરંતુ તેની મુદત સરકારે તા.૩૦-૦૯-૨૦૧૮ સુધી લંબાવી છે. (અત્રે એ પણ નોંધવું જોઈએ કે ઉંઝાના કોંગ્રેસના ધારાસભ્ય ડો.આશાબહેન પટેલના પ્રશ્નના જવાબમાં પણ સરકારે કબૂલ્યું છે કે નલિયા સેક્સ કાંડની તપાસ માટેના જસ્ટિસ દવે કમિશનની રચના તા. ૧૬-૩-૨૦૧૭ના રોજ કરવામાં આવી હતી તેની પાછળ કુલ રૂ.૪૦, ૭૨,૯૮૦ નો ખર્ચ થયો છે. આ કમિશને પણ ૩૦-૯-૨૦૧૮ સુધીમાં તેનો અહેવાલ આપવાનો હતો). કોંગ્રેસના સિનિયર દલિત ધારાસભ્ય શૈલેશભાઈ પરમારના, રાજ્યમાં અનુસૂચિત જાતિ આયોગની રચના બાબતના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૧૧૮૦ના જવાબમાં સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીએ જણાવ્યું હતું કે રાજ્યમાં અનુસૂચિત જાતિ આયોગની રચના કરવામાં આવી નથી. પરંતુ આવા આયોગની રચના કરવાનો મુદ્દો રાજ્ય સરકારની સક્રિય વિચારણા હેઠળ છે. પાંચેક બિન દલિત ધારાસભ્યોના પ્રશ્ન જવાબમાં વિધાનસભામાં સરકારે બિન અનામત આયોગની રચના કે તે માટેના કોઈ ખર્ચની બાબત નકારી હતી. પણ વાસ્તવિકતા એ છે કે સરકારે આવા આયોગની રચના પણ કરી છે અને તેને નાણા ફાળવણી કરી કાર્યાન્વિત પણ કરી દીધું છે. જે સરકાર બંધારણ અમલમાં આવ્યું ત્યારથી જ અસ્તિત્વમાં આવેલી અનુસૂચિત જાતિ અને જનજાતિ માટે રાજ્યમાં કોઈ આયોગની રચના કરતી નથી તે બિન અનામત આયોગની ઝટપટ રચના કરી દે છે. આ બાબતમાં ગુજરાતમાં કોંગ્રેસ અને ભાજપ બંને સરખા છે તે પણ નોંધવું રહ્યું.

બીજેપીના દલિત ધારાસભ્યોના પ્રશ્નો જોઈએ તો મનીષા વકીલે કુલ પાંચ પ્રશ્નો પૂછ્યા હતા. તેમાં ચાર પ્રશ્નો વડોદરા શહેર અને જિલ્લાને લગતા(નવું કોર્ટ બિલ્ડીંગ, હકપત્રકની નોંધો, જર્જરિત પંચાયત ઘરો અને વડોદરા શહેરમાં કામગીરી દરમિયાન ખસેડેલ વીજ વાયરો અને થાંભલા) હતા. રમતગમત મંત્રીને વડોદરાના આ ધારાસભ્યે, જૂનાગઢ જિલ્લામાં સ્પર્ધામાં ભાગ લીધેલ યુવક યુવતીઓ સંબંધે સવાલ પૂછ્યો હતો. માલતીબહેન મહેશ્વરીએ મહેસુલ, પંચાયત, જળસંપત્તિ અને કૃષિ વિભાગને લગતા ચાર સવાલો પૂછ્યા હતા. તે તમામ કચ્છને લગતા હતા. કચ્છના જર્જરિત પંચાયત ઘરો, તળાવો ઉંડા કરવા કે ખેડૂત તાલીમ તાલીમ શિબિરોને લગતા પ્રશ્નો તો હતા પણ મહેસુલ મંત્રીને તેમણે કચ્છ જિલ્લામાં ખેતીની જમીન બિનખેતીમાં કરવાની કુલ મળેલી દરખાસ્તો, પડતર દરખાસ્તો અને તેનો ક્યારે નિકાલ આવશે તે અંગે પ્રશ્ન પૂછ્યો હતો.જ્યારે કચ્છના દલિતો સરકારી પડતર જમીન અંગે આક્રમક આંદોલન કરતા હોય અને વહીવટી તંત્ર પણ તે દિશામાં પ્રયત્નશીલ હોય ત્યારે તે વિસ્તારના દલિત પ્રતિનિધિ બિનખેતીની જમીનની પરવાનગીની ચિંતા કરે તે અકળાવે છે . અમદાવાદની અસારવા બેઠકના બીજેપીના ધારાસભ્ય પ્રદિપ પરમારે કુલ ૬ સવાલો રજૂ કર્યા હતા. સુરેન્દ્રનગર જિલ્લામાં હકપત્રકની નોંધો અને અમદાવાદ જિલ્લામાં દસ્તાવેજોની નોંધોની ફિકર આ ધારાસભ્યના મહેસુલ વિભાગના પ્રશ્નમાં જોવા મળે છે. સહકાર મંત્રી ને તેઓ પાટણ બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરી અને કેટલી ચુકવી તે પૂછે છે, રાજ્યમાં છેલ્લા બે વરસમાં માહિતી ખાતા દ્વારા કોઈ ટીવી શ્રેણીનું નિર્માણ અને તેના નામો પૂછે છે (જવાબ-(પ્રગતિશીલ ગુજરાત અને વિકાસ વિશેષ). તો ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના અન્વયે અમદાવાદ જિલ્લામાં પશુઓના કેટલા જાતિય આરોગ્ય સારવાર કેમ્પ થયા અને કેટલા પશુઓને સારવાર મળી તે પણ જાણવા માંગે છે.( જવાબ : કેમ્પો-૧૩૯, પશુઓ ૧૭,૩૩૮) પ્રદિપભાઈ વિધાનસભા પ્રશ્નોતરી દ્વારા તેમની સરકારે પાલક માતાપિતા યોજનાની ૨૨૬માંથી ૧૫૪ અરજીઓ(આશરે ૬૦ ટકા) મંજૂર કરી અને તે માટે અધધ રૂ. ૩૪,૦૮,૦૦૦/- સહાય ચુકવી હોવાની મોટી સિદ્ધિ ઉજાગર કરવામાં સફળ રહે છે. ફિલ્મી તખ્તેથી રાજકારણમાં પ્રવેશેલા હિતુભાઈ કનોડિયાએ કાયદા, સામાજિક ન્યાય ,શિક્ષણ, ઉર્જા, જળસંપત્તિ, અન્ન અને નાગરિક પુરવઠા એમ ૬ વિભાગના મંત્રીઓને ૬ પ્રશ્નો કરીને પોતાની સક્રિયતા દર્શાવી હતી. જોકે તેમાં દલિતોને સંલગ્ન એક જ પ્રશ્ન હતો તો પોતાના મતવિસ્તાર કે મતવિસ્તારના જિલ્લા કરતાં અન્યના પ્રશ્નો વધુ હતા. અરવલ્લી જિલ્લામાં દિનદયાળ આવાસ યોજનાના લાભાર્થીઓ અને તે માટેના ખર્ચ, સાબરકાંઠા જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ તથા અરવલ્લી જિલ્લામાં ડ્રોપ આઉટ રેટ ઘટાડવા સંબંધી પ્રશ્ન કરી તેમણે સરકારની વાહવાહી કરાવવામાં સફળતા મેળવી છે. તો છેક વંથલી અને થરાદ તાલુકામાં જિલ્લા ન્યાયાધીશ કોર્ટની સ્થાપનાની મંજૂરી અંગે પણ તેમણે સવાલ કર્યો છે, બનાસકાંઠામાં નવા ખેતીવાડી વીજ જોડાણો અને તે માટે ખર્ચનો સવાલ પણ તેમણે ઉઠાવ્યો છે. કડીના બીજેપીના ધારાસભ્ય કરસનભાઈ સોલંકીએ મહેસાણા જિલ્લામાં સરકારે ગતવરસે પ્રિ. મેટ્રિક સ્કોલરશીપ કેટલા વિદ્યાર્થીઓને કુલ કેટલી ચુકવી(જવાબ- લાભાર્થી વિદ્યાર્થીઓ ૨,૬૧,૨૩૪ અને રકમ રૂ. ૧૭,૭૨,૬૭,૧૦૦/- ) તે તથા સરસ્વતી સાધના યોજનાનો કેટલી કન્યાઓને લાભ મળ્યો તે જાણવા માંગ્યું હતું. પ્રદિપભાઈની જેમ કરશનભાઈને પણ સહકાર મંત્રીને, મહેસાણા જિલ્લાના ખેરાલુની બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરી અને ચુકવાઈ તે સવાલ કેમ પૂછવાનું થયું હશે તે સમજાતું નથી. રાજકોટ ગ્રામના બીજેપી એમ.એલ.એ. લાખાભાઈ સાગઠિયાના ૫ પ્રશ્નોમાં ૨ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના, તો એકએક ઉર્જા, કૃષિ અને પશુપાલન વિભાગના હતા. સાતફેરા સમૂહ લગ્ન અને નિરાધાર વૃદ્ધ સહાયની રાજકોટની માહિતી તેમણે માંગી હતી. રાજકોટની ઝૂંપડપટ્ટીના વીજળીકરણના લાભાર્થીની વિગતો માંગનાર આ ધારાસભ્ય

સાહેબ ટ્રેક્ટર સહાયની માહિતી તો માંગે છે, રાજકોટમાં પશુઓની જાતિય આરોગ્ય સારવારની પણ માહિતી માંગતો પ્રશ્ન કરે છે.

વિપક્ષના સભ્યોમાં શૈલેષ પરમારના છ એ છ પ્રશ્નોમાં તેમના ધારાસભ્ય તરીકેના અનુભવ જોવા મળે છે. તેમણે ખૂબ જ સાર્થક માહિતી માંગતા અને સરકારની નીતિ ખૂલ્લી પાડતા પ્રશ્નો પૂછ્યા છે. રાજયના નાણાં મંત્રીને તે રાજયનું જાહેર દેવું અને તે પરના વ્યાજનો પ્રશ્ન પૂછી રાજયની આર્થિક સ્થિતિ ઠીકઠાક નથી તે હકીકત લોકો સમક્ષ લઈ આવે છે. ઈજનેરી શિક્ષણના આજકાલ વળતા પાણી છે તે માન્યતાને ઈજનેરી કોલેજોમાં છેલ્લા બે વરસોથી કેટલી જગ્યાઓ ખાલી રહે છે તેવો સવાલ કરીને તેનો જવાબ મેળવી માન્યતાને હકીકતમાં બદલે છે.(છાપેલો જવાબ- ૨૦૧૭-૧૮માં સરકારી ઈજનેરી કોલેજોમાં ૬૫૨ અને ખાનગી/સ્વનિર્ભર કોલેજોમાં ૩૩૦૩૩ જગ્યાઓ ખાલી હતી) અદાણી ,એસ્સાર અને બીજી ત્રણ ખાનગી કંપનીઓ પાસેથી સરકારે ૨૦૧૬-૧૭માં રૂ. ૩૮૭ કરોડ અને ૨૦૧૭-૧૮માં રૂ. ૩૮૨ કરોડની વીજળી ખરીદી હોવાની વિગતો તારાંકિત પ્રશ્ન ક્ર.૧૦૯૯૪ના જવાબમાં મેળવે છે. આ ધારાસભ્ય બેરોજગારીની અને ગુનાઓની પણ બહુ જ ઉપયોગી માહિતી પોતાના સવાલોના જવાબોમાં મેળવી શક્યા છે. નૌશાદ સોલંકીના ચાર પ્રશ્નોમાં બે મુખ્યમંત્રી હસ્તકના ઉદ્યોગ અને ખાણ ખનિજ વિભાગના હતા. એક સામાજિક ન્યાય વિભાગના પ્રશ્નમાં તેઓ રાજયમાં સફાઈ કામદારો માટે તા.૨૦-૮-૧૬ ની સ્થિતિએ કેટલા આવાસો બનાવવામાં આવ્યા તેની માહિતી માંગીને જવાબ મેળવે છે કે માત્ર ૩૩૬૦ આવાસો બે વરસમાં ૧૦ કરોડના ખર્ચે બનાવ્યા છે. પોતાના મતવિસ્તારના જિલ્લામાં ખનિજ ચોરીના બનાવોની માહિતી એક અન્ય પ્રશ્નના જવાબમાં તેમણે માંગી હતી. ગુજરાત મોડેલનું પોલ ખોલતી હકીકતો પણ આ ધારાસભ્યશ્રી તેમના પ્રશ્નોના જવાબમાં મેળવી શક્યા છે. તારાંકિત પ્રશ્ન ક્ર. ૧૧૦૦૦૨ના જવાબમાં સરકારે જણાવ્યું છે કે ૨૦૧૪માં ચીનના રાષ્ટ્ર પ્રમુખની બહુ ચર્ચિત અમદાવાદ મુલાકાત વખતે રાજયમાં ઈન્ડસ્ટ્રીયલ પાર્ક સ્થાપવાનો કરાર થયો હતો પણ આજે ચાર વરસે આ કરાર જમીન મેળવવાના તબક્કે જ ચાલે છે. રાજયમાં રણોત્સવ, પતંગોત્સવ અને નવરાત્રિ મહોત્સવ પાછળ થયેલા ધૂમ ખર્ચાની વિગતો પણ આ ધારાસભ્ય કઢાવી શક્યા છે. કાશ ! આ બધી વિગતો માધ્યમોમાં ઉજાગર કરવાનું કામ તેમણે અને તેમના પક્ષે કર્યું હોત ! કોડિનારના કોંગ્રેસી ધારાસભ્ય મોહનભાઈ વાળાએ ૬ પ્રશ્નો પૂછયા પણ સામાજિક ન્યાય વિભાગનો એક પણ ન પૂછ્યો. તેમના બધા જ પ્રશ્નો તેમના વિસ્તારને સંબંધિત છે. તેમણે ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લાના કુપોષિત બાળકોની સારી વિગતો માંગી હતી. વીજ ઉત્પાદનમાં કોલસાની જરૂરિયાતની માહિતીમાં તેમણે સરકાર પાસે એ હકીકત કઢાવી છે કે ૨૦૧૭-૧૮ અને ૧૮-૧૯માં કેન્દ્રએ રાજયની માંગણી કરતા ઓછો કોલસો ફાળવ્યો છે. ૨૦૧૪ પૂર્વે જે સરકાર ગુજરાતને કેન્દ્રના અન્યાયની બૂમરાણ કરતી હતી તે હવે પોતાના પક્ષની કેન્દ્ર સરકારે માંગણી કરતા ઓછો કોલસો ફાળવવા અંગે કેમ મૌન છે ? તેવો સવાલ આ જાણીને કોઈ પણ મતદારને થઈ શકે. કાલાવાડના પ્રવીણ મુસડિયા અને ગઢડાના પ્રવીણ મારુ બંનેએ સામાજિક ન્યાય વિભાગના મંત્રીને કોઈ સવાલ પૂછ્યો નથી. પણ પોતાના મતવિસ્તાર અને જિલ્લાના પ્રશ્નો પૂછ્યા છે. જોકે મોટાભાગના પ્રશ્નો રુટિન લાગે તેવા છે. વડગામના અપક્ષ ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણી જે પાંચ પ્રશ્નો પૂછ્યા તેમાં અમદાવાદ અને સુરતના શહેરી ગરીબોને માત્ર ૨૩૨૯૬ મકાનો ફાળવાયાની માહિતી મેળવી છે. બનાસકાંઠા અને અમદાવદા જિલ્લામાં આંતરજ્ઞાતિય લગ્નોની વિગતો માંગતા સવાલના જવાબમાં જે જાણવા મળે છે તે હકીકતો જાતિનિર્મૂલન માટે આંતરજ્ઞાતિય લગ્નોનો ઉકેલ કેટલો મુશ્કેલ છે તે જણાઈ આવે છે. નવા તાલુકા અને જિલ્લા તો રચી દીધા ,ગુજરાત મોડેલની દુહાઈ દેતાં ગુજરાતના આંતરમાળખાકીય વિકાસના ઢોલ પણ બહુ પીટાય છે પણ જિજ્ઞેશ મેવાણીના તારંકિત પ્રશ્ન ક્ર.૧૧૩૧૬ના જવાબમાં સરકારે સ્વીકાર્યું છેકે બનાસકાંઠાના સુઈગામ અને લાખણી તાલુકા પંચાયતોને પોતાનું કોઈ મકાન નથી. હજુ આટલા વરસે તે માટેના અનુદાનની વહીવટી મંજૂરી મળી છે.

આ નાનકડી હકીકતો એ પુરવાર કરે છે કે સત્તા પક્ષના અને વિપક્ષના દલિત ધારાસભ્યોએ તેમના દલિત પ્રતિનિધિ હોવાની હકીકત ભૂલ્યા વિના તેમના મતવિસ્તાર અને સમગ્ર ગુજરાતના પ્રશ્નો ઉઠાવવાના છે. તેમનું યોગદાન અને સક્રિયતા વિસ્તારવાની છે. આ વખતે તો કદાચ તેમનો દેખાવ સરેરાશ છે પણ ભવિષ્યમાં વધુ મહેનત કરશે તેવી આશા રાખી શકાય.

## મુક્તકો :

૧.

સવાલો છે ચહેરા પર,જવાબો ક્યાં હશે તેના ?
નહીં બોલે અરીસો કંઈજ, ખ્વાબો ક્યાં હશે તેના ?
થયેલી આપલે બંને તરફથી બંધ મુઠ્ઠીમાં
ચડ્યું ના ચોપડે કાંઈ, હિસાબો ક્યાં હશે તેના ?

૨.

કેમ દરવાજો હજી છે બંધ આ ?
પ્રશ્ન પૂછાયા કરે ફરી ફરી
ઉઘડે માણસ પછી કમાડને
ખૂલતા તો વાર નહીં લાગે જરી.

૩.

સમજો છો પણ નથી રહ્યો હું મામુલી
ધમકી આપુ છું તમને આજે ખુલ્લી
માણસ બનવાની આ તક છેલ્લી સમજો
ભારે પડશે નહીં તો મારી વસૂલી.

૪.

સાંભળો વિકાસની વાતો પરંતુ આ તરફ નાખો નજર
આ તરફ જે ભૂખ છે તે ભૂખની કરજો કદર
આ ગરીબી દેશને બેઆબરૂ કરતી નથી
ભૂખનો અણસાર પણ લાવી નથી તે હોઠ પર.

**આત્મારામ ડોડિયા**

# આત્મકથાનો નવતર પ્રયોગ

નવું વાચન

મણિલાલ રાનવેરિયા

*જીવનરેખા (પી.એ પરમારની ચિત્રમય આત્મકથા), પી.એ. પરમાર, પ્રાપ્તિસ્થાન- વણકર ફળિયુ, મુ.કુવાસણા, તા. વિસનગર, જિ.મહેસાણા- ૩૮૪૩૧૫,કિંમત-રૂ.૨૫૦/-*

"દલિત સાહિત્યકાર,લેખક, કવિ, ચિત્રકાર, ઈતિહાસકાર, પત્રકાર, કલામર્મજ્ઞ, વિવેચક, ઉદઘોષક, ચિંતક અને વક્તા ડો.પી.એ.પરમારની ચિત્રમય આત્મકથા- જીવનરેખા(૧૯૫૫-૧૯૮૫)" ના, ૧૯૫૫ થી ૧૯૮૫નો ખંડ-૧ અને ૧૯૭૫ થી ૨૦૧૫નો ખંડ-૨, સંયુક્ત સ્વરૂપે તાજેતરમાં પ્રગટ થયો છે. આ આત્મકથાને ભી.ન.વણકર, બાલકૃષ્ણ આનંદ, ડો.નરસિંહદાસ વણકર, પ્રો.ગીતા પટેલ અને પ્રો.પુષ્પાબહેન વાઢેળ એમ પાંચપાંચ વિદ્વાન સમીક્ષકોની પ્રસ્તાવના પ્રાપ્ત થઈ છે. ભી.ન.વણકરે આ આત્મકથાને "આત્મકથાનો નવતર પ્રયોગ" કહ્યો છે. બાલકૃષ્ણ આનંદે 'ચિત્રાત્મક જીવન રેખા, જીવંત પ્રસંગો' કહીને આવકાર આપ્યો છે. ડો.નરસિંહદાસ વણકરે 'જીવન રેખાનું કથ્ય' સ્પષ્ટ કરી આપ્યું છે. પ્રો.ગીતા પટેલે આત્મકથાને આવકાર આપતાં, "ગાગરમાં સાગર" જેવું આ પુસ્તક બધી જ ઉંમરની વ્યક્તિઓને પ્રેરણા પૂરી પાડે એવું છે, એમ લખ્યું છે. પ્રો.પુષ્પા વાઢેળ અને માલજીભાઈ વાઢેળે આત્મકથામાં જીવનનું સંવેદન ઝીલાયું હોવાનું જણાવ્યું છે. એની સાથે જ લેખકના નાનાભાઈ આસિસ્ટન્ટ સેલટેક્ષ કમિશનર એલ.એ.પરમારે તો લેખકની આ અધૂરી આત્મકથા ચક્રવાત(Cyclone) સર્જશે એવી ભવિષ્યવાણી ભાખી છે. ડો.પી.એ.પરમારે પોતાના નિવેદનમાં જણાવ્યું છે કે ,"આ આત્મકથા એક દલિત લેખકની છે કે જેના પૂર્વજોએ –દલિતોએ વેઠ(Drudgery) કરવી પડતી હતી. તમામ એસ.સી. કોમો 'વેઠિયા' ગણાતી. મારું પરિવાર વેઠનો ભોગ બનેલું. મારી "જીવન રેખા" ગ્રામીણ જીવનને અભિવ્યક્ત કરે છે."

"જીવન રેખા" બે ખંડોમાં વહેંચાયેલી આત્મકથા છે. ખંડ-૧ના પ્રારંભે લેખકે પોતાના જન્મ સ્થળ અને જન્મ તારીખ વિશે ખુલાસો લખ્યો છે. સાથે જ કેટલાક દસ્તાવેજો મુક્યા છે. જેમાં કુવાસણા પ્રાથમિક શાળાનું એલ.સી., પિતાની ૧૯૩૨ની છબી, તેમનું નગરી મિલનું આઈ કાર્ડ, જન્મભૂમિ પંચાગનું લેખકની જન્મતારીખ અંગેનું પ્રમાણપત્ર, પિતાની ડાયરીમાંથી મળેલી જન્મતારીખની નોંધ, મામલતદાર કચેરી વિસનગરનો રેકર્ડ અને ખેડૂતવહી મુકેલ છે. આ બધા દસ્તાવેજો લેખક પોતાના જન્મસ્થળ અને જન્મતારીખના સમર્થનમાં રજૂ કરે છે. ઉપરાંત મહેસાણા જિલ્લાનો નકશો, વિસનગર મહાલનો નકશો તેનાં ૫૬ ગામો સાથે લેખકનાં જન્મસ્થળ કુવાસણાનું ભૌગોલિક સ્થાન બતાવવા મુકે છે. લેખક ત્યાંથી અટકતા નથી. હું માનું છું ત્યાં સુધી લેખકે પોતે તૈયાર કરેલો કુવાસણાના દલિત ફળિયાનો નકશો મૂકી તેમાં પોતાનું ઘર ક્યાં આવેલું છે તે પણ રજૂ કરી આપે છે.

ખંડ-૧માં ૩૨ રેખાચિત્રો મૂક્યાં છે. આ બધાં ચિત્રો એમના શૈશવકાળમાં ઘટેલ ઘટનાઓનું પ્રતિબિંબ પાડે છે. એમણે દોરેલા રેખાચિત્રોની સમજ આપતાં ચોટડૂક આલેખનો એક બાજુ ચિત્રકારમાંનો આલેખક તો બીજી બાજુ લેખકમાંનો ચિત્રકાર આબાદ રીતે પ્રગટ કરી આપે છે. આ બધાં જ રેખાચિત્રો અત્યંત આકર્ષક અને મનલુભાવન છે. તેટલાં જ બાળસહજ પ્રવૃતિઓના પરિચાયક પણ છે. બાળપણના નાનાનાના અને નિર્દોષ પ્રસંગોના પ્રતિબિંબ લેખક, ચિત્રકાર સુંદર રીતે ઝીલે છે. વાચક-ભાવકને આ રેખાચિત્રો હૃદયગંમ અને હૃદયસ્પર્શી લાગ્યા વિના રહેશે નહીં. બાલકૃષ્ણ આનંદ લખે છે તેમ, આ આત્મકથાના બાધા, આખડી, માનતાવાળા પ્રસંગો અંધશ્રદ્ધાને ઉત્તેજન આપે તેવા છે. પરંતુ ગ્રામીણ જીવનનો એ એક ભાગ છે જેમાંથી લેખક પસાર થયા છે. રાતના અંધકારમાં બળદના જંપ, સૂંડલીમાં બેસવાની મજા, સાપનો સ્પર્શ, કૂતાંનો કકળાટ, મોર સાથે મહોબત, માટીકલા, સસલાં પાછળ દોટ, ઢેડૂકીમાં ધુબાકા, ખીલા ગાડાના, દેડકાં વીંધ્યા, ભૂસાની સગડી, મજૂરી , ડાગળીએ અથાણું, રોટલીનું રમખાણ, હોકાપાણીની રાવઠી, કરાંખ્ડુ વગેરે પ્રસંગો લેખકના શૈશવ અને ગ્રામ્યજીવનનું અત્યંત નિખાલસ, નિર્દોષ નિરૂપણ કરે છે. સાઈકલ પરથી ગુલાંટ, રેલવે ગુડઝની નીચે, જોડાનો ઘા, મિલમાં મજૂરી વગેરે પ્રસંગો લેખકની બાળસહજ પ્રવૃતિનું આલેખન કરે છે. સમગ્ર ખંડ-૧ લેખકના પ્રકૃતિ સાથેના તાદાત્મ્યને સરસ રીતે ઝીલે છે. જીવાતા જીવનની સચ્ચાઈનો રણકો દરેકેદરેક રેખાચિત્રોમાં સાંભળવા મળે છે.

ખંડ- ૧ અને ખંડ-૨ની વચ્ચે લેખકે પિતૃગાથા(સંપાદક-બાલકૃષ્ણ આનંદ)માંથી પોતાના પિતાનું લખેલું રેખાચિત્ર, લેખકના સાહિત્ય સર્જનની વિસ્તૃત નોંધ અને ત્રીસેક જેટલાં પેઈન્ટિંગ્સ મૂકેલાં છે. પિતા વિશે લેખક લખેછે : પિતા લાગે છે કુહાડા જેવા પણ હોય છે કોદાળી. પિતા લાગે છે કઠિયારા જેવા પણ હોય છે માળી. લેખકનું સર્જન કેટલું તો વિશાળ અને સમૃદ્ધ છે તેનો ખ્યાલ સાહિત્ય સર્જનની વિસ્તૃત નોંધ પરથી આવે છે. ત્રીસેક જેટલાં પેઈન્ટિંગ્સ અને એક બે કાર્ટૂનો આકર્ષક છે.પરંતુ આ પેઈન્ટિંગ્સને કોઈ નામ આપ્યાં નથી એટલે મારા જેવા સામાન્ય વાચકને એ પેઈન્ટિંગ્સ સમજવાં જરાક અઘરાં પડે છે.

ખંડ-૨ (૧૯૭૫-૨૦૧૫)માં મહાનુભાવો સાથેની લેખકની ૬૦-૬૫ છબીઓ મૂકવામાં આવી છે. આ છબીઓને કારણે જ કદાચ લેખક આ આત્મકથાને Pictoriol autobiography ગણાવતા હશે. આ મહાનુભાવોમાં મહદઅંશે રાજકારણીઓની છબીઓ છે. માહિતી ખાતાની નોકરીને કારણે આ શક્ય બન્યું હોય એવું અનુમાન સહજ કરી શકાય એમ છે. આ ફક્ત તસવીરો જ છે. એને વિશેના સ્થળ/નામોલ્લેખ સિવાય બીજી કોઈ માહિતી આપવામાં આવી નથી.એટલે એમની જીવનરેખાને આ છબીઓ કેટલાં વૃદ્ધિગંત કરે છે તેની ફક્ત કલ્પના જ કરવી રહે.

લેખકે જણાવ્યું છે તેમ તેમની આત્મકથા તૂટકતૂટક લખાયેલી અને અધૂરી છે. તેથી જ બાલકૃષ્ણ આનંદ લખે છે : "ડો.પી.એ.પરમાર પાસેથી પણ એક દીર્ઘ આત્મકથાની અપેક્ષા રાખીએ." અને ઉમેરે છે, "તેમની પાસેથી એક દીર્ઘ આત્મકથાની આરઝુ જ નહીં ઈંતેજાર પણ છે." હું બાલકૃષ્ણ આનંદના આ મંતવ્ય સાથે સહમત થાઉં છું અને ઈચ્છું છું કે લેખકે લખેલી એમની છૂટક,તૂટક આત્મકથાના ટુકડાઓ જોડીને એક સમૃદ્ધ, સુસજ્જ, વિસ્તૃત આત્મકથા લખાય.

દરમિયાન એમની ચિત્રમય આત્મકથાના નવતર પ્રયોગને હું બિરદાવું છું. ડો.નરસિંહદાસ વણકરે જીવનરેખાને આવકારતાં ડો.બાબાસાહેબ આંબેડકરના શબ્દોમાં જણાવ્યું છે કે, "આપણા દેશમાં ઉપેક્ષિતો દલિતો

અને દુ:ખી લોકોનો એક અલગ સંસાર છે. એમના દુ:ખ ,એમની વ્યથાને સમજો અને આપની સર્જન શક્તિને એવા લોકોના જીવનને ઉન્નત કરવા સારુ હોમી દો એજ સાચી માનવતા કહેવાશે'' સાચું છે કે ડો.પી.એ.પરમારે પોતાની જાતને આવા દીન દલિતોના જીવનને ઉન્નત કરવા આપી છે. જીવનરેખા વધુને વધુ લોકો સુધી પહોંચે અને ડો.પરમાર યશસ્વી નીવડે તેવી શુભેચ્છા.

# સનસેટ પોઈન્ટના બાબાગાડીવાળા : શ્રમ અને શોષણનું નવું રૂપ

## નજરે જોયું

**ગૌતમ ડોડીઆ**

પ્રવાસમાં ક્યારેય કંઈ ગુમાવવાનું થતું નથી. આપણામાં કંઈક ને કંઈક ઉમેરાતું હોય છે. એ વ્યક્તિ, વાત કે વસ્તુ કંઈપણ હોઈ શકે. હું થોડા દિવસો પહેલા માઉન્ટ આબુ ગયો હતો. અહીંનો સૂર્યાસ્ત જોવો એ લ્હાવો ગણાય છે. મિત્રો સાથે હું સનસેટ પોઈન્ટ પહોંચ્યો. પાર્કિંગથી સનસેટ પોઈન્ટ પર જવા માટે આશરે દોઢ કિલોમિટર જેટલું ચઢાણ ચઢવું પડે. દોઢ કિલોમીટરનું ચઢાણ અલગ-અલગ રીતે ચઢી શકાય. ઘોડા પર બેસીને, ચાલતા અથવા બાબાગાડીમાં. મોટા મોટા મોલમાં, એરપોર્ટ પર  જેવી ટ્રોલી હોય છે એવી જ હોય છે આ બાબાગાડી. તેને જીવતા માણસો ચલાવીને પ્રવાસીને સનસેન્ટ પોઈન્ટ લઈ જાય. પાંચ વાગ્યાથી લોકો સનસેટ પોઈન્ટ પર આવવાનું શરૂ કરે અને સૂર્યાસ્ત સુધી ત્યાં રહે છે. એટલે અહીં માત્ર બે કલાકનો ધંધો. બે કલાકમાં જેટલી કમાણી થાય એટલું જ. વધારે કમાવવા માટે બીજી કોઈ જગ્યાએ જવું પડે.

ઓછા પ્રવાસીઓમાં આ બાબાગાડીવાળાની સંખ્યા વધારે હોવાથી ગ્રાહકોને ખેંચવા બૂમાબૂમ થતી હતી.  મોટાભાગના બાબાગાડીવાળા મોટી ઉંમરના હતા. એટલે કે વૃદ્ધો. આ લોકો જ્યાં ગ્રાહકો મેળવવા ઉભાં હતાં ત્યાં નજીકમાં સ્ત્રીઓનું એક ટોળું બેઠું હતું. બાબાગાડીવાળાની પત્નીઓ હતી આ સ્ત્રીઓ. એ સ્ત્રીઓની ઉંમર ૫૦-૬૦ વર્ષની આસપાસની હશે. આ સ્ત્રીઓએ રાજસ્થાની પોશાક પહેર્યો હતો. બંને હાથમાં કોણીથી ખભા સુધી ચૂડી (બંગડીઓ) પહેરેલી હતી. આ સ્ત્રીઓના ચહેરા ઉપર ભલે કરચલીઓ હતી પણ તેમનાં વ્યવહાર , વર્તન કે હિલચાલમાં વૃદ્ધાવસ્થાની કોઈ ઝલક દેખાતી નહોતી.

સામાન્ય રીતે ટોળું વળીને બેઠેલી સ્ત્રીઓ પોતાની વાતોમાં એટલી મશગૂલ થઈ જાય છે કે દુનિયામાં શું થઈ રહ્યું છે એનું એમને ભાન રહેતું નથી. પણ અહીં અલગ વાતાવરણ હતું. બધી સ્ત્રીઓની નજર પોતાના પતિઓ તરફ મંડાયેલી હતી અને જેવું ભાડું નક્કી થાય તેવી દોડીને પોતાના પતિ પાસે આવી જાય. પોતાના પતિની મદદમાં લાગી જાય. આવી જ એક વૃદ્ધ સ્ત્રી દોડીને આવી ગઈ અને બાબાગાડીને ધક્કો મારવા લાગી. શરૂઆતમાં મને શંકા પડી હતી કે આ વૃદ્ધ માણસો બે -ત્રણ લોકોને બાબાગાડીમાં બેસાડી ઉંચું ચઢાણ કેવી રીતે ચઢશે ? પણ આ દ્રશ્ય જોયું એટલે શંકાનું સમાધાન થઈ ગયું. બંને વૃદ્ધ દંપતી સાથે હતા એટલે બીજા લોકોના વજન સાથે ઉંચાઈ ઉપર બાબાગાડી લઈ જવી સરળ બની ગઈ . જેવી પત્નીએ આવીને ગાડીના હેન્ડલને હાથ લગાવ્યો એટલામાં તો બાબા ગાડીની ગતિમાં ઝડપ આવવાની સાથે એ માણસના ચહેરા ઉપર પણ ગજબની ચમક આવી ગઈ . તેણે તેની પત્નીને બેસી જવા કહ્યું અને એ બહેને, ''અરે આવી જ ગયું છે, ચાલોને ક્યાં દૂર છે'',  એમ રાજસ્થાની ભાષામાં જવાબ આપ્યો. આ રીતે બંને વચ્ચે સંવાદ ચાલુ રહ્યો અને બાબાગાડી ઊંચાઈ ઉપર સનસેટ પોઈન્ટ પાસે પહોંચી ગઈ.

ગિરનારના ડોળીવાળા વિશે સાંભળ્યું છે. તો કોલકત્તાની હાથગાડી વિશે પણ જોયું-વાંચ્યું છે. પાવાગઢ અને અંબાજીમાં લોકોને અદ્ધર લઈ જવા છે. પણ અહીંની બાબાગાડી મારા માટે નવતર હતી. માઉન્ટ આબુના સૂર્યાસ્તને જોતાંજોતાં બાબાગાડીના ચાલક એવા ગરીબ અને મજબૂર એવા  મહેનતકશ ઈન્સાનોના સુખી સરળ દાંપત્યને અને તેમની પરસ્પરની હૂંફ અને પ્રેમને વાગોળતો રહ્યો. સૂર્ય તો એના નિશ્ચિત સમયે ડૂબી ગયો પણ આ ગરીબોના જીવનમાં જે આકરી મહેનત અને શોષણ છે તે શું ક્યારેય અસ્ત નહીં પામે ? એ વિચાર સાથે માઉન્ટ આબુનો સનસેન્ટ પોઈન્ટ છોડ્યો અને કંઈક નવું પામ્યો.

## સંભારણું

ત્યારે હું એસવાયબીએમાં ભણતી હતી. એ સમયે એક નારી સંગઠન રચવાના પ્રયાસો થયેલા. એની ગ્રુપ મિટિંગમાં હું અવાર-નવાર જતી. એમાં ગિરીશભાઈના પત્ની કુસુમબહેન નિયમિતપણે આવતા. એકવાર ગિરીશભાઈ કુસુમબહેનને લેવા અમારી મિટિંગમાં આવેલા અને અમે સંગઠનનું નામ રાખવાની મથામણમાં હતા. અમારામાંથી કોઈએ પૂછ્યું, ''ગિરીશભાઈ સંગઠનનું શું નામ રાખીએ?'' નાકના ટેરવે અંગૂઠો મૂકીને નાક ચડાવીને સાક્ષાત ચંડિકા સ્વરૂપ બતાવતા હોય તેમ બોલી ઉઠ્યા, ''ચંડિકા રાખો.'' અને અમે બધા હસી પડેલા.

★

લગભગ ૧૯૯૬-૯૭નું એ વર્ષ હતું. પંદરમી ઑગસ્ટના સ્વાતંત્ર્ય દિને ભર બપોરે લોક અધિકાર સંઘ દ્વારા ફાનસ રેલી યોજવામાં આવેલી. હું મારા દીકરા શાર્દૂલને લઈને તે રેલીમાં ગયેલી. ત્યારે શાર્દૂલ ત્રણેક વર્ષનો. આ ઘટનાને ત્રણ-ચાર મહિના વીત્યા પછી ઘરમાં કોઇક મુદ્દે ગિરીશકાકાનો ઉલ્લેખ થયો. મેં શાર્દૂલને પૂછ્યું કે, ''બેટા, તને ગિરીશદાદા યાદ છે?'' તેને તે વખતે ફાનસ રેલી યાદ આવી ગઈ અને તે બોલી ઉઠેલો, ''હા, મમ્મી. 'આઝાદી અધૂરી છે. બીજો જંગ જરૂરી છે' એ ગિરીશદાદા.'' આવો લાંબો નારો એક પણ અક્ષરની ભૂલ વગર એને સડસડાટ બોલતો સાંભળી મને ગૌરવ થયેલું.

મારી જાતને હું ધન્ય માનું છું કે હું એવા પરિવારમાં જન્મી, જ્યાં મને આઝાદીનો બીજો જંગ લડનારા આવા કર્મશીલોના સીધા પરિચયમાં આવવાનો લ્હાવો મળ્યો. આવા કર્મશીલોને એક પછી એક ગુમાવતા હૃદય થડકારો ચૂકી જાય છે. ગિરીશકાકાને લાખો સલામ.

**સંગીતા પટેલ**

દલિતોની ગ્રામીણ સંસ્કૃતિમાં દલિતમાતાઓ પોતાની દીકરીને 'બુન' કહીને સંબોધે અને પોતાની દીકરીને માનાર્થે તમે જ કહે! હું દર ત્રણ ચાર દિવસે મારી બહેનો સાથે મારી મા ને ફોન પર વાત કરાવું ત્યારે- 'બુન' અને 'તમે' શબ્દ અનેકવાર સાંભળુ છું .......!!

દલિતમાતાઓ દીકરીઓને આટલો આદર કેમ આપતી હશે?!!

**જયેશ સોલંકી**

# બાકી જો બચા થા, કાલે ચોર લે ગયે

**પ્રસંગવશ**

**બીરેન કોઠારી**

સંબંધિત ખાતાના મંત્રીઓના ચહેરાને ચમકાવતી વિવિધ યોજનાઓની જાહેરખબરો અખબારોનાં પાનાંઓ પર તેમજ અનેક જાહેર સ્થળોએ મુકાય એ બાબત સામાન્ય બની રહી છે. તેને કોણ વાંચતું હશે, અને કેટલી ગંભીરતાથી લેતું હશે એ સંશોધનનો વિષય બની શકે એમ છે. ઘોષિત કરાતી યોજનાઓમાંથી અમલ કેટલીનો અને કેવોક થતો હશે એ પણ સંશોધનનો વિષય ખરો. આવી યોજનાઓના નામે નાણાં ફાળવવામાં આવે ખરા, પણ પછી એ નાણાં વાપરવામાં આવે કોઈક ભળતે જ ઠેકાણે. એ ખરું કે કાગળ પર આ યોજનાઓ એકદમ આયોજનબદ્ધ હોય છે. તેનો અમલ સુયોગ્ય રીતે થઈ શકે તો તેનો હેતુ સિદ્ધ થઈ શકે. મોટે ભાગે એમ બનતું હોય છે કે જે વર્ગને ધ્યાનમાં રાખીને મુખ્યત્વે આ યોજનાઓ તૈયાર કરવામાં આવી હોય છે, તેમને એના વિશે ભાગ્યે જ જાણ હોય છે. આથી આ યોજના ખાતે ફાળવાયેલાં નાણાં પોતાના હકના છે એ ખ્યાલ પણ નથી હોતો.

૧૯૭૯-૮૦ માં તત્કાલીન સરકારે અનુસૂચિત જાતિ અને જનજાતિના લાભાર્થે પહેલવહેલી વાર પંચવર્ષીય યોજનામાં વિશેષ જોગવાઈ કરી. સદીઓથી વંચિત અને સામાજિક રીતે ઉપેક્ષિત સ્થિતિમાં જીવી રહેલા આ વર્ગના વિકાસ માટે છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં 'એસ.સી.એસ.પી.'(શેડ્યૂલ્ડ કાસ્ટ સબ પ્લાન)નો સમાવેશ કરવામાં આવ્યો. એ જ રીતે 'ટી.એસ.પી.'(ટ્રાઈબલ સબ-પ્લાન)નો પણ સમાવેશ કરાયો. આ બંને વર્ગના વિકાસની દિશામાં આ એક મહત્ત્વનું પગલું બની રહ્યું, કેમ કે, હવે અન્ય યોજનાઓમાં નાણાંની ફાળવણી ઓછીવત્તી કરવાને બદલે આ વર્ગ માટે અલાયદા નાણાં તેમની વસ્તીના ધોરણે ફાળવવામાં આવ્યાં હતાં, જેથી તે કેન્દ્રિત રીતે વાપરી શકાય.

ત્રણ-સાડા ત્રણ દાયકા પછી આ જોગવાઈની શી હાલત છે? આ રીતે જે તે સમયની સરકાર દ્વારા ફાળવાતાં નાણાં તેને સંબંધિત વર્ગ સુધી પહોંચ્યા છે ખરા? પહોંચ્યા છે તો કેટલા પહોંચ્યા છે? અને બાકીનાં નાણાં ક્યાં વપરાયા છે?

અમદાવાદ સ્થિત સંસ્થા 'કાઉન્સિલ ફૉર સોશ્યલ જસ્ટિસ'ના સેક્રેટરી વાલજીભાઈ પટેલ દ્વારા 'આર.ટી.આઈ.'અંતર્ગત કરવામાં આવેલી અરજીના જવાબમાં સરકાર તરફથી જે માહિતી પૂરી પાડવામાં આવી છે એ ચોંકાવનારી છે. આ અગાઉ એ જાણી લેવું જરૂરી છે કે ગુજરાત સરકાર પોતાના બજેટની ચૌદ ટકા રકમ 'ટી.એસ.પી.' માટે અને સાત ટકા રકમ 'એસ.સી.એસ.પી.' માટે ફાળવતી આવી છે. આ નાણાં તેના મુખ્ય હેતુ સિવાય અનેક સ્થાને વપરાયાં છે. તેની કેવળ એક ઝલક.

બનાસકાંઠા જિલ્લાના ડીસામાં જી.આઈ.ડી.સી. માટે પાંચ કિ.મી.નો રોડ ત્યાંના ધારાસભ્યના નિવાસસ્થાન સુધી બનાવવામાં આવ્યો. સરકારી પ્રચાર માટે અનેક અંગ્રેજી પુસ્તકોનું મુદ્રણ કરવામાં આવ્યું. જિલ્લાઓમાં કાર્યરત નાયબ માહિતી નિયામક, ટેકનિકલ આસિસ્ટન્ટ અને સહાયક અધીક્ષકને વેતન ચૂકવાયું. સરકારી પાક્ષિક 'ગુજરાત' અને માસિક 'રોજગાર સમાચાર'નું મુદ્રણ આ નાણાંમાંથી કરાયું. 'સ્ટેચ્યુ ઑફ યુનિટી'માટે લોઢું એકઠું કરવાના ગતકડાની જાહેરખબર તેમજ સરકારની સિદ્ધિઓની જાહેરખબરો પણ આ નાણામાંથી કરાઈ. વર્તમાન વડાપ્રધાનના વતન વડનગર પર બનાવાયેલા એક દસ્તાવેજી ચિત્રનું નિર્માણ પણ આ જ નાણાંમાંથી કરવામાં આવ્યું. આ કેવળ થોડાં ઉદાહરણો છે. યાદી ઘણી લાંબી છે અને દરેક બાબત માટે કરાયેલા ખર્ચના આંકડા પણ ઉપલબ્ધ છે. સ્પષ્ટ છે કે આ નાણાંનો ઈરાદાપૂર્વક દુરુપયોગ થયો છે. જે વર્ગ માટે તે ફાળવાયેલા હતા તેમના સુધી આ નાણાં પહોંચ્યા નથી. સરકારની પોતાની સિદ્ધિઓથી આંજવાને બદલે જાહેરખબરમાં દર્શાવાયેલી સિદ્ધિઓ વડે આંજવાનો પ્રયાસ નિષ્ઠાપૂર્વક કરી રહી છે. આનો કોઈ ઉપાય ખરો? આ વેડફાટ અજાણપણે કરાયો હોત તો એનો ઊપાય હજી શક્ય બનત,પણ ઈરાદાપૂર્વક કરાયેલો હોવાથી એમ કરનારના મનમાં રામ વસે એવી ઠાલી હકારાત્મક વિચારસરણી અપનાવવાથી કામ ચાલે એમ નથી. તેને કાયદાથી બાંધવામાં આવે તો એ સંબંધિત સૌને બંધનકર્તા બની રહે, અને આ વેડફાટ અટકી શકે એ સંભાવના ઊભી થઈ શકે.

આ અંગેનું એક બિનસરકારી વિધેયક ગુજરાત વિધાનસભામાં, દસાડા મતવિસ્તારના ધારાસભ્ય, નૌશાદજી સોલંકી દ્વારા રજૂ કરવા અંગે કાર્યવાહી ચાલી રહી છે. આયોજન પંચ દ્વારા જે તે રાજ્યને તેની કુલ વસતિમાં અનુસૂચિત જાતિ અને જનજાતિની ટકાવારી અનુસાર નાણાંકીય ફાળવણી કરવાની માર્ગદર્શિકા સરકારોને અપાયેલી છે. દરેક રાજ્યની સરકાર પોતાની રીતે તેના આંકડા દર્શાવે છે. પણ એક નોંધપાત્ર પહેલ આંધ્ર પ્રદેશ દ્વારા કરવામાં આવી છે. ૨૦૧૨માં ત્યાંની રાજ્ય સરકાર દ્વારા 'એસ.સી.એસ.પી.' તેમજ 'ટી.એસ.પી.' માટે ફાળવાયેલા નાણાંના જે તે હેતુસરના જ ઊપયોગને કાનૂની ધોરણે બંધનકર્તા બનાવતો કાયદો પસાર કર્યો. ત્યાર પછી કર્ણાટક પણ આ બાબતને અનુસર્યું. એ ખરું કે કેવળ કાનૂની જોગવાઈ આ સમસ્યાનો ઊકેલ નથી. તેની સામે એ પણ હકીકત છે કે કાનૂની જોગવાઈ હોય અને તેનું પાલન ન થાય તો એ ગુનો બને છે. સરકાર માટે આ બાબત બંધનકર્તા બની શકે છે. ગુજરાત સરકારમાં પણ આવું બિનસરકારી વિધેયક ચર્ચા માટે રજૂ થાય એવી સંભાવના છે. સરકાર કોઈ પણ પક્ષની હોય, આ જોગવાઈ અનુસૂચિત જાતિ,જનજાતિના હિતનું રક્ષણ કરવાની દિશામાં છે, તેથી ગમે એ પક્ષ દ્વારા મુકાય, તે પસાર થાય એ અગત્યનું છે. સમાજના અન્ય વર્ગના ધારાસભ્યો તો ખરા જ, પણ અનુસૂચિત જાતિ અને જનજાતિના ધારાસભ્યો પક્ષીય રાજકારણથી પર થઈને પોતાના સમાજના હિતમાં આ વિધેયકને પસાર થવામાં સહયોગ આપે એ જરૂરી છે. સંસ્કૃતિ અને ગૌરવગાન કેવળ કાગળ અને ફિલ્મો પર રહી જાય, અને વ્યવહારમાં તે ન આવે તો એનો શો અર્થ?

## કૌરવોનો ફોટો

"પપ્પા, કૌરવોનો ફોટો બતાવોને."

"બેટા, એ જમાનામાં ફોટોગ્રાફી નહોતી."

"ના, તો ય શોધી બતાવો."

"બેટા, ૯૭ વકીલોનો ગ્રૂપ ફોટો મળી આવશે તો બતાવીશ."

(એમ.જે. અકબર, સુષમા કૌશલ સ્વરાજ અને નરેન્દ્ર મોદી – ખૂટતી કૌરવ સેના)

**બિનીત મોદી**

દલિત કવિતા

## Me Too

★

વહેલી પરોઢે પાયખાનું પખાળવા આવું છું
ને રોજ કોઈ ઓળો
મને ઉપાડી જાય છે અવાવરુ ખૂણે,
મને જકડી લે છે જમીન સટોસટ,
મારા ઉપર સવાર થઈ જાય છે સૂવ્વરની જેમ,
મને કોચ્યા કરે છે,
હું બેશુદ્ધ ના થઈ જાઉં ત્યાં લગી!
મને કંઈ યાદ નથી, સાહેબ...
કદાચ થોડું યાદ છે તો બસ એટલું જ કે
એના શરીરે સૂતરના ત્રણ તાંતણા જેવું હતું,
એના ગળે તુલસીની માળા જેવું હતું,
એના મોઢે વીંછીના આંકડા જેવી વાંકડિયા મૂછો જેવું હતું,
એનો વાન ઉજળિયાત હતો,
એ હરે..હરે...જેવું કશું બબણતો હતો.
ઉતરીને એણે સીધી ગંગા ભણી દોટ મૂકી હતી...

**નીરવ પટેલ**

## દ્રષ્ટાંતરૂપ

કરૂ જો એ જ કે જે મન કહે તો દાસ લાગુ છું
મને આગળ કરીને નીકળું તો હાશ લાગું છું.
નથી સમજી શકાતું કે પ્રતીક્ષા છે મને કોની ?
પ્રતીક્ષાલય બની ઝૂરતું આવાસ લાગું છું.
કસોટી અંધકારોએ કરી જયાં રાતભર મારી
કરી મેં એમ તેની પણ, હવે ઉજાસ લાગું છું.
ભણાવ્યો મેં મને, દ્રષ્ટાંત રૂપે ક્યાંક આવ્યો છું.
નથી અભ્યાસક્રમમાં તે છતાં અભ્યાસ લાગુ છું.
પ્રયાસો અન્યના ડૂબી ગયા મનના જ ભારણથી
મને છે ગર્વ કે માણસ વિના પ્રયાસ લાગુ છું.
અહીં દરેક છુપાવી રહ્યું છે માણસપણાને ત્યાં
મળુ માણસ તરીકે તો બધાને ત્રાસ લાગુ છું
કદી મેં આવવા દીધું નથી મનને ચહેરા પર
તમે છો આઈનો તેથી જ હું ઉદાસ લાગું છું.

**આત્મારામ ડોડિયા**

## પેટ

ડુંગર
નાના-મોટા ભાતભાતના ડુંગર
ઝાડ, છોડ, ઘાસ, નદી, જંગલ
જંગલમાં ખેતર
ખેતરમાં ઘર.
ઘર મમળાઈ ગયું
ખેતર ખવાઈ ગયું
જંગલ ચવાઈ ગયું
પાણી પિવાઈ ગયું
ઊણું રહી ગયું તોય પેટ!
પેટ
અહીંથી તહીં બીજે એમ ક્યાં ક્યાં લઈ ગયું ઠેઠ
સમય ને પેટ
લાગે બંને એક :
પેટમાં સમય, સમયમાં પેટ
પેટમાં કણ જાય
સમય એને ફોલી ખાય
સમયમાં ક્ષણ જાય
પેટ ચરચર એને ચીરી ખાય.
બધું બદલાય
ન પેટ બદલાય
ન સમય બદલાય.
દિવસ લઈને અજવાળું આવે
કાયાને કામઠામાં ફેરવી નાખે.
રાત આવે
આંખમાંથી બહાર લાવી જોઈ શકાય સપનાને
હલાવી શકતી નથી ઊંઘ એવી રીતે પોપચાંને.
ઊંઘ પણ શું કરે?
કામઠામાંથી છટકી
લટકી પડ્યો અણીદાર થાક પોપચાં વચ્ચે
અને
અન્નનો દાણો બની ગયેલી કાયાને
ખોતરવા લાગ્યું ધનેડું
ક્યારનુંય વાટ જુએ એરંડિયું
દુકાનના ખૂણામાં
પડેલા ડબ્બામાં
ઝોકા ખાતું ખાતું.

**ઉમેશ સોલંકી**

## રોજીની આગ

હોળીની જેમ
એક દિવસ સળગીને
ટાઢા થઈ જવાનું
નથી અમારા કરમમાં.
અમારે તો
ચૂલો સળગાવતાં પહેલાં
સળગવું પડે છે રોજેરોજ
રોજીની આગમાં.

**વજેસિંહ પારગી**
(ઇટાવા, જિલ્લો : દાહોદ)

# શૂદ્ર જામાતા

ઈન્દ્રના સેનાપતિપદ નીચે આર્યો સિંધુ ઓળંગી વિતસ્તા, અસિક્ની, પંષ્ણીના તટ પ્રદેશો પરથી અસુરોને હરાવતા– હટાવતા શતદ્રુ સુધી આવ્યા. પછી વૃત્રાસુર સાથેના મહાયુદ્ધમાં થાકીને ઈન્દ્રે નિવૃત્તિ લીધી અને સેનાપતિ પદ ઉપેન્દ્ર વિષ્ણુએ સંભાળ્યું. વિષ્ણુ ઈન્દ્ર જેવા અજેય તો હતા જ, અસ્ત્ર શસ્ત્રાદિમાં નિપુણ હતા પરંતુ સાથે સાથે કુટિલ રાજનીતિજ્ઞ પણ હતા. તેઓ ઈન્દ્રની જેમ કેવળ યુદ્ધનીતિમાં માનતા નહોતા પરંતુ સામ, દામ, દંડ, ભેદની ચતુર્નીતિમાં પણ વિશ્વાસ ધરાવતા હતા. જરૂર પડયે અસુર રાજન્યો સાથે સમાધાન કરી લડવા માટે પૂરતો સમય અને બળ પ્રાપ્ત કરી લેતા.

શતદ્રુને વિપાશા નદી હિમગિરિમાંથી નીકળી મળતી હતી. આર્ય સેનાઓ વિપાશાના તીરે તીરે હિમગિરિની અંદર ગઈ. જોયું તો માર્ગ અત્યંત કઠિન હતો. અશ્વો પણ સીધા ચઢાણમાં હાંફી જતા. વિપાશાની ઉપત્યકા અને તેના બંને કાંઠે આવેલી ગિરિમાળાઓમાં નાગ, ભૂત કિરાત, ગંધર્વ, યક્ષ ચારણો વિદ્યાધરો સિદ્ધો ઈત્યાદિ જાતિના લોકો વસતા હતા. તે લોકોએ આર્યોનો તીવ્ર સામનો કર્યો. આર્યો તેમની સામે ટકી ન શકયા.

વિષ્ણુને થયું, ગિરિમાળાઓમાં શા માટે જવું ? ત્યાં પર્વતના ઢોળાવો પર સોપાન ક્ષેત્રોમાં કેવળ યવ અને વ્રીહિ થાય છે, એ કરતાં ષદ્વતી ઓળંગી યમુનાના તટ પ્રદેશમાં શા માટે ન જવું ?

**દલિત વાર્તા**
**પ્રવીણ ગઢવી**

નાગ લોકોના સેનાપતિ શિવ હતા. વ્યાઘ્ર ચર્મ પહેરતા. હાથમાં ત્રિશૂળ. રુદ્ર જેવા ક્રોધી. ક્રોધે ભરાય ત્યારે ત્રીજું નેત્ર ખોલતા અને બધું ભસ્મ કરી દેતા એમ નાગ લોકો વાતો કરતા. પાછા આશુતોષ પણ ખરા. ખીજતાંય વાર નહિ અને રીઝતાંય વાર નહિ. કૈલાસપર્વતની તળેટીમાં રહેતા. આસપાસ નાગો અને ભૂતોનો નિવાસ હતો.વિષમય સર્પો પણ આસપાસ ફર્યા કરતા.

વિષ્ણુ કંબોજના અધિપતિ બ્રહ્માનું માર્ગદર્શન અવારનવાર લેતા, લેવા જતા.

એમને નાગ લોકો સાથે શત્રુતા રાખવાનું યોગ્ય ન લાગ્યું. જો નાગ અને અસુરો એક થઈ જાય તો આર્યોને ભારે પડે.

બ્રહ્માને એમણે સવિસ્તાર વાત કરી. બ્રહ્મા કહે, 'પહેલાં તો સેનાને પાછી બોલાવી લો. અને મારા પુત્ર દક્ષની એક પુત્રી છે– સતી. તેને શિવજી સાથે વરાવીએ. અને એમ આપણે નાગલોકો સાથે કાયમી સમાધાન કરી લઈએ.'

દક્ષ બ્રહ્માના દશ પુત્રોમાંનો એક હતો. તે મનુની પુત્રી પ્રસૂતિને પરણ્યો હતો અને તેનાથી તેને સોળ કન્યાઓ અવતરી હતી. એમાંની તેર કન્યાઓ એણે ઋષિઓને પરણાવી દીધી હતી. સ્વાહાને અગ્નિ અને સ્વધાને પિતર સાથે પરણાવી હતી. હવે કેવળ સતી બાકી હતી.

'કિંતુ દક્ષરાજ માનશે ?' વિષ્ણુને સંશય થયો.

' હા, હા, કેમ નહિ ?' બ્રહ્માએ દક્ષને બોલાવવા ભૃત્યને મોકલ્યો.

'શિવજી નાગકુળના છે. આપણા માટે તે શૂદ્ર સમાન જ ગણાય.' વિષ્ણુએ ડરતાં ડરતાં કહયું.

'શિવ નાગલોકના રાજન્ય છે. રાજન્ય ક્ષત્રિય ય જ ગણાય. આપ તો જાણો છો, વેદપાઠ કરે તે બ્રાહ્મણ, યુદ્ધ કરે તે ક્ષત્રિય, વ્યાપાર કરે તે વૈશ્ય અને સેવા કરે –શ્રમ કરે તે શૂદ્ર ગણાય. દસ્યૂઓ, અસૂરો રાજન્યો છે, પરંતુ જો તેઓ હારે તો આપણે તેમને શૂદ્ર બનાવીએ છીએ. તેથી શિવજી શૂદ્ર ન ગણાય.' બ્રહ્માએ આર્યોની ચાતુર્વણ્યપ્રથા વિષ્ણુને સમજાવી.

દક્ષ આવ્યો, હાથ જોડી ઊભો રહયો. 'આજ્ઞા, પિતાજી !'

'તારી પુત્રી સતીને નાગરાજન્ય શિવજીને તારે આપવાની છે.'

'ભૂતો અને સર્પો વચ્ચે વ્યાઘ્રચર્મ શરીરે વીંટાવી ફરતો પેલા ભૂતનાથ શિવને ?' દક્ષ ચોંકી ગયો.

' હા, હા, તે જ. આપણે નાગ લોકો સાથે સમાધાન કરી અસુરો પર વિશેષ બળ પ્રાપ્ત કરવા માગીએ છીએ.'

'કિંતુ, પિતાજી ક્ષમ્યતામ્, હું મારી પુત્રી એ શૂદ્ર નાગરાજને નહિ આપું.'

વત્સ,'તેં જ એમને નાગરાજ કહયા. અર્થાત તે નાગોના રાજા છે, રાજન્ય છે. તો પછી શૂદ્ર કેમ કહેવાય ?' બ્રહ્માએ હસતાં હસતાં પૂછયું.

દક્ષ થોડો મુંઝાયો. 'મારે મન સઘળા અનાર્ય શૂદ્ર જ ગણાય'

'ના, તે લોકો હારે ત્યારે જ શૂદ્ર ગણાય.' બ્રહ્માએ સમજાવ્યું.

આખરે દક્ષ સંમત થયો અને સતીનાં લગ્ન શિવજી સાથે કર્યા. શિવજીની જન્યામાં ભૂત સદશ જાનૈયાને જોઈને ઈન્દ્રની અપ્સરાઓ તો મૂર્છિત થઈ ગઈ ! દક્ષને તો શૂદ્ર જામાતા મનથી તો ન જ ગમ્યા. પરંતુ પિતાની આજ્ઞા– શું થાય ?

•••

થોડા સમય પછી ગંગા – યમુનાના સંગમ સ્થળ પ્રયાગમાં ઋષિઓએ યજ્ઞોત્સવ યોજયો. તેમાં ઈન્દ્ર, વિષ્ણુ, અગ્નિ, બ્રહ્મા ઈત્યાદિ દેવો અને સપ્તર્ષિઓ ઉપસ્થિત હતા. શિવ પણ સતી સાથે ત્યાં ગયા હતા. સર્વ દેવો અને ઋષિઓ બેઠા હતા અને શાસ્ત્રાર્થ ચાલતો હતો.

ત્યાં દક્ષ પ્રજાપતિ આવ્યા. એ પ્રજાપતિઓના અધિપતિ થયા હતા. તેમને જોતાં જ વિષ્ણુ– ઈન્દ્ર સહિત સર્વ દેવો અને ઋષિઓએ ઊભા થઈને તેમને માન આપ્યું–સ્વાગત કર્યુ. કેવળ બ્રહ્મા અને શિવજી ઊભા ન થયા. બ્રહ્મા તો પિતા હતા, એટલે સહજ છે કે તે પુત્રને માન આપવા ઊભા ન થાય, પરંતુ શિવ જામાતા હોવા છતાં ઊભા ન થયા એટલે દક્ષને બહુ ખરાબ લાગ્યું. 'શિવજી, આર્ય સંસ્કારમાં શ્વસુર પિતા સમાન ગણાય છે.' દક્ષે કહયું.

'એમ હશે, પરંતુ નાગ સંસ્કારમાં રાજા કોઈને જોઈને ઊભો થતો નથી. હું નાગ લોકનો રાજન્ય છું.' શિવે ઠંડા કલેજે ઉત્તર વાળ્યો. 'સાંભળો છો દેવગણ–ઋષિગણ આ નાગનાથને ? આર્યોમાં તો રાજા પણ બ્રાહ્મણને ઊઠીને માન આપે છે. આ મારા પિતાના અત્યાગ્રહથી અને ઈન્દ્ર, વિષ્ણુ, તમારી કુટિલ રાજનીતિને કારણે મારે મારી પુત્રી સતી આ કપિનેત્રવાળા ભૂતનાથને આપવી પડી છે . શૂદ્રને કોઈ બ્રાહ્મણ વેદ ભણાવે એવો જઘન્ય અપરાધ મેં કર્યો છે. મારા આ શૂદ્ર જામાતાને હું યજ્ઞકાર્યથી બહિષ્કૃત કરું છું અને કદાપિ હું મારા યજ્ઞોત્સવમાં એને ભૂલથી પણ નહિ બોલાવું.' દક્ષ ક્રોધથી રાતાપીળા થતાં બોલ્યો.

ઈન્દ્ર, વિષ્ણુએ મીઢું મૌન ધર્યુ. અને નીચું જોઈ રહયા. ઋષિઓમાંથી પણ કોઈ કશું ન બોલ્યું.

'મેં પિતાજી આપને કહેલું કે હું તો તમામ અનાર્ય પછી તે દસ્યૂ હો, અસુર હો, રાક્ષસ હો, યક્ષ હો કે નાગ –નિષાદ, કિરાત હો – તેને શૂદ્ર જ ગણું છું.'

દક્ષ ક્રોધથી ધૂંઆપૂંઆ થતા સભા સ્થળ છોડી ગયો.

શિવજી પણ સતીની સાથે સભા સ્થળ છોડી કૈલાસધામ ચાલ્યા ગયા.

● ● ●

એ કાળે આર્યાવર્તમાં યજ્ઞયાગ,કર્મકાંડો પુષ્કળ ચાલતા. ઋષિઓ અને રાજન્યો અનેકવિધ પ્રકારના અગ્નિયજ્ઞો યોજતા. તેમાં સહસ્ત્ર પશુબલિ થતો. સહસ્ત્ર સહસ્ત્ર બ્રાહ્મણો તેમાં ઋત્વિક, હોતા થતા અને અનેક સત્રો સુધી યજ્ઞોત્સવ ચાલતો. મંડપોમાં ભોજન સમારંભ યોજાતા અને શિબિરોમાં સૌ નિદ્રાધીન થતા.

થોડા સમય પછી જયાં ગંગા હિમાલય છોડીને ભૂમિતલ પર આવે છે – ભૂમિતલને સ્પર્શે છે ત્યાં ગંગાદ્વારે દક્ષે બૃહસ્પતિ સવ નામે મહાયજ્ઞ યોજયો તેમાં સર્વ બ્રહ્મર્ષિઓ, દેવર્ષિઓ, દેવો, દેવતાઓ અને યક્ષો, ગંધર્વો, ચારણો , સિદ્ધો, વિદ્યાધુરોને સહ પરિવાર નિમંત્રણ આપ્યું.ઈન્દ્ર, વિષ્ણુ, બ્રહ્મા પણ આવ્યા. અગસ્ત્ય, કશ્યપ, અત્રિ, ભૃગુ, દધિચિ, ભરદ્વાજ, ગૌતમ જેવા ઋષિઓ પણ ઉપસ્થિત થયા.

ચંદ્રરાજ રોહિણી સાથે યજ્ઞમાં ઉપસ્થિત રહેવા નીકળ્યો, ત્યારે વચ્ચે કૈલાસધામમાં શિવજીને પ્રણામ કરવા રોકાયો, ત્યારે શિવ અને સતીને દક્ષે યોજેલા મહાયજ્ઞની જાણ થઈ.

શિવજી તો સમજી ગયા કે શ્વસુર દક્ષે જાણી જોઈને એમને નિમંત્રણ આપ્યું નથી.પોતે અનાર્ય હતા એટલે શૂદ્ર હતા. દક્ષે એમને શૂદ્ર અને કપિનેત્ર વાળા કહયા હતા એ શિવ ભૂલ્યા નહોતા.

'મારા પિતાએ આપણને જ કેમ આમંત્રણ ન આપ્યું?' સતીએ શિવને પૂછયું.

'તારા પિતા જાણે ! એ તો મને શૂદ્ર જામાતા માને છે. શૂદ્રોને યજ્ઞમાં નિમંત્રણની આર્યરીતિ નથી.'

'જામાતા એટલે જામાતા. તેની જાતિ જ્ઞાતિ જોવાની ન હોય.' સતી રોષે ભરાયાં.

'તે તારા અભિમાની પિતાને સમજાવ. ઈન્દ્ર વિષ્ણુના કહેવાથી પિતામહ બ્રહ્માના આગ્રહથી તેણે તને મને આપી છે. કિંતુ તે અંદરથી પ્રસન્ન નથી.'

'ભલે, એમણે આપનું અપમાન કર્યું તે યોગ્ય ન કહેવાય.પરંતુ તે ભૂલી જઈને આપણે જવું જોઈએ.'

'ક્ષમ્યતામ્ દેવી, મારામાં બીજી વાર અપમાન સહેવાની શકિત નથી.' શિવે ના પાડી.

'તો મને એકલી જવા દો. મને મારી માતા અને ભગિનીઓનું અતીવ તીવ્ર સ્મરણ થયું છે.'

'દેવી, આપ પણ ન જાઓ તો સારું. દક્ષ ક્રોધી સ્વભાવના છે. તમને જોઈ,એ તમારું પણ અપમાન કરશે.' શિવજીએ સતીને વારવા પ્રયાસ કર્યો.

'ના, મારા પિતા કદાપિ એવું ન કરે. હું તેમને મારી બધી ભગિનીઓ કરતાં વિશેષ પ્રિય, લાડકી છું. અને હું જઈને તેમને ઉપાલંભ આપીશ એવા જ એ આપને બોલાવશે.'

'મારા મતે આમંત્રણ વગર જવું ઈચ્છનીય નથી. વિના આમંત્રણે જઈ અનાદર પામવો, તે મૃત્યુથીય વિશેષ કષ્ટદાયી છે.'

'ના, હું તો જઈશ, અન્યથા આત્મહત્યા કરીશ' સતીએ સ્ત્રીહઠ પકડી. શિવજીને થયું, રાજહઠ, સ્ત્રીહઠ અને બાળહઠ આગળ ઝૂકી જવું જ હિતાવહ છે.

● ● ●

સતી દક્ષના મહાયજ્ઞમાં ગંગાદ્વારે પહોંચી ગયાં. ત્યાં દેવ –દેવતા, ઋષિઓ, મુનિઓ, સિધ્ધો, વિદ્યાધરો, ગંધર્વો,યક્ષો ચારણોનો જાણે મેળો ભરાયો હતો. સહસ્ર સહસ્ર બ્રાહ્મણો, ઋત્વિજો, હોતાઓ સહસ્ર યજ્ઞકુંડીઓમાં યવ, તિલ, ધૃતનો હોમ કરી રહયા હતા. અને અતીવ્ ચા સ્વરે વેદમંત્રોનું ગાન કરી રહયા હતા, એકમેકની સ્પર્ધા કરી રહયા હતા.

સતી પ્રમુખ યજ્ઞ સમીપ પહોંચી ગયાં. ત્યાં મહાકુંડમાં યજ્ઞાગ્નિ સ્વાહા સ્વાહા કરતો ભભૂકી રહયો હતો. યૂપો સાથે બલિનાં પશુઓ અજ, મેષ, વત્સ, વંધ્યગૌ, વૃષભ,બલિવર્દ મહિષી ઈત્યાદિ બાંધેલાં હતાં. તે પણ ભયથી ભાંભરતાં હતાં, તેથી જાણે તે પણ વેદ મંત્રો બોલતાં હોય તેમ લાગતું હતું.

સતીને જોતાં જ દક્ષ ચોંકયા. 'તું કેમ આવી ? તને મેં કયાં નિમંત્રી હતી ?'

દક્ષને ભય થયો કે એની સાથે એના શૂદ્ર જામાતા શિવજી પણ આવ્યા જ હશે. 'કયાં છે તારો ભૂતનાથ ?' દક્ષ સતી પર પ્રશ્નોનાં બાણ વરસાવવા લાગ્યો, ત્યાં સતીની માતા પ્રસૂતિ અને તેની ભગિનીઓ દોડી આવી અને એમણે સતીને આવકારી આલિંગનમાં લીધી.

'જરા શાંતિ રાખો. એને પાણી તો પીવા દો. એકદમ કેમ એની પર તૂટી પડયા છો ?' પ્રસૂતિ દક્ષ પર ચિડાઈ.

'વિના નિમંત્રણે એણે આવવાની શી જરૂર ? મેં જાણી જોઈને એને અને એના ભૂતનાથને નિમંત્રણ આપ્યું નથી'

' એવું ન બોલો, ગમે તેમ તો ય શિવજી આપણા જામાતા કહેવાય. એમને નિમંત્રવા જ જોઈએ.'

દક્ષની પડખે દધિચી ઋષિ ઊભા હતા.

'દક્ષરાજ્ઞીની વાત સાચી છે. આપે શિવજીને બોલાવવા જોઈતા હતા. તે નાગ રાજન્ય છે અને વળી આપના જામાતા છે.'

'ઈન્દ્ર–વિષ્ણુની કુટિલ રાજનીતિને કારણે અને પિતાની આજ્ઞાને કારણે મેં સતીને તેની સાથે વરાવી. બાકી એ કપાલધારીને હું જામાતા બનાવું ?' દક્ષ વિશેષ ચિડાયો.

'એ ગમે તેમ હોય. જામાતા એટલે જામાતા. એ પુત્રવત્ ગણાય.' દધિચી દક્ષને શાંત પાડવા મથ્યા.

'પણ એ શૂદ્ર મને કયાં પિતાતુલ્ય માને છે ? પ્રયાગમાં હું ગયો ત્યારે સર્વ દેવ–દેવતા મને સન્માન આપવા ઊભા થયા, પરંતુ એ નાગનાથ ભૂતનાથ ઊભો ન થયો.અને કહે, હું નાગોનો રાજા છું. અરે, રાજા ય શ્વસુરને માન આપે અને ઊભો થાય.'

'દક્ષરાજ, આપની વાત સાચી પરંતુ આપણા આર્ય સંસ્કાર અને નાગ સંસ્કાર, અસુર સંસ્કાર નોંખા છે.!' દધિચીએ દક્ષને સમજાવવા પ્રયાસ કર્યો.

'નાની વાતને મોટું સ્વરૂપ આપી બેઠા છે. દક્ષરાજ. મેં બહુ સમજાવ્યા પરંતુ એકના બે થતા નથી. શું કરું ઋષિવર્ય ?' પ્રસૂતિની આંખમાં અશ્રુ આવી ગયાં.'પિતાગૃહે આવેલી પુત્રીનું અપમાન કરાય ? શું એ આર્ય

સંસ્કાર છે?'

'તમને સ્ત્રીઓને માન—અપમાન જેવું કંઈ હોતું નથી. પુત્રીને જોતાં જ આંસુડાં પાડવા માંડી. હું પ્રજાપતિઓનો એક અધિપતિ છું. મારું એણે કરેલું અપમાન હું કદાપિ ભૂલી ન શકું. ક્ષમ્ય ગણી ન શકું.' દક્ષ પ્રસૂતિ ઉપર ક્રોધિત થયો.

'આવી છે, એમ જ પાછા પગલે પાછી જા સતી. મારે મન તું મરી ચૂકી છે.' દક્ષ સતીની સમીપ ધસી ગયો અને સતીને ધકકો માર્યો. 'હું તારું કે તારા શૂદ્ર પતિનું કપિ મુખ જોવા માગતો નથી.'

'પિતા, આપે મારું અને મારા સ્વામીનું ભયંકર અપમાન કર્યું છે. હું આ જ ક્ષણે મારો દેહ અગ્નિને સમર્પિત કરી દેહ ત્યાગ કરું છું.' ક્રોધાગ્નિથી સળગતી સતી ધ્રૂજી ઊઠી અને તે જ ક્ષણે મહાયજ્ઞના યજ્ઞકુંડમાં પ્રજવલિત યજ્ઞાગ્નિમાં કૂદી પડી. એવાં જ એના કેશ અને વલ્કલ સળગી ઊઠ્યાં. અને જોતજોતામાં તો એનો દેહ યજ્ઞમાં કોલસો થઈ ગયો.

ઈન્દ્ર, વિષ્ણુ એકદમ ત્યાં દોડી આવ્યા. અન્ય દેવો — દેવતાઓ,ૠષિઓ તો આ દશ્ય જોતાં જ સ્તબ્ધ થઈ ગયા.

'મહાઅનર્થ થયો દક્ષ રાજ !' સૌ એકી સ્વરે બોલી ઊઠયા.

'દક્ષ, આપે સતીની અવહેલના કરી,તેનું અપમાન કર્યુ. આપે મહા ભયંકર ભૂલ કરી છે. જઘન્ય પાપાચાર કર્યો છે.'

'શિવજી આપણા વેદદેવ રૌદ્ર જેવા જ મહા ક્રોધી છે. એ આ જાણતાં જ આપનો સર્વ નાશ કરશે. ત્રીજું નેત્ર ખોલી સર્વ ભસ્મ કરશે.' ઈન્દ્ર અને વિષ્ણુ થરથર ધ્રૂજી રહયા.

'હું કોઈથી ડરતો નથી.' દક્ષ વધુ દઢ થયો.

'આપ આ યજ્ઞ અત્રેથી જ અટકાવો અન્યથા મહાઅનર્થ થશે.' દેવોએ એને હાથ જોડયા.

'અરે, એક ભૂત જેવા શૂદ્ર જામાતાના ભયથી હું મારો મહાયજ્ઞ અટકાવું ? કોઈ કાળે એ નહિ બને. આપને ભય લાગતો હોય તો આપ જઈ શકો છો.' દક્ષે દેવોને હાથ જોડી વિદાય આપી.

ઈન્દ્ર, વિષ્ણુ, બ્રહ્મા અને દેવો તત્ક્ષણ ત્યાંથી ચાલતા થયા.

દક્ષે ૠત્વિજો, હોતાઓ, અધ્વર્યુઓ , બ્રાહ્મણોને યજ્ઞ યથાવત્ ચાલુ રાખવા આદેશ આપ્યો. એની સેનાને યજ્ઞનું રક્ષણ કરવા આદેશ આપ્યો. સતીના બળી ગયેલા દેહને યજ્ઞકુંડમાંથી બહાર કાઢી પ્રસૂતિને સોંપ્યો.'યજ્ઞ પૂર્ણ થયા પછી એનો અગ્નિ સંસ્કાર થશે. ત્યાં સુધી એને વસ્ત્રોમાં વીંટી જાળવી રાખો.'

• • •

શિવજીને યજ્ઞ છોડીને નીકળી ગયેલા કેટલાક દેવોએ સતીના અગ્નિદાહ બલિદાનના સમાચાર આપ્યા. સાંભળતાં જ શિવજી ક્રોધથી ધૂંઆંપૂઆં થઈ ગયા. એમનાં અંગો જાણે તાંડવનૃત્ય કરવા લાગ્યાં. એમણે તત્કાલ ભૂતોના સેનાપતિ વીરભદ્ર અને નાગોના સેનાપતિ મણિભદ્રને બોલાવ્યા અને દક્ષનો તેમજ તેના યજ્ઞનો સંપૂર્ણ વિધ્વંસ કરવા આદેશ કર્યો.

આદેશ મળતાં જ ભૂતસેના અને નાગસેના ગંગાદ્વારે જવા ઊપડી.

યજ્ઞસ્થળે પહોંચીને એમણે મહામંડપને ચોદિશથી ઘેરી લીધો અને પાકશાલા, પત્નીશાલા, અગ્નિ શાલાનો વિધ્વંસ કરવા માંડયો. મંડપના દંડ ઊંચકીને ફેંકી દીધા. ચોદિશ હાહાકાર મચી રહયો. બ્રાહ્મણો જીવ બચાવવા દોડવા લાગ્યા, તો ભૂતોએ એમને ઊંચકી ઊંચકી યજ્ઞકુંડમાં ફેંકયા. કેટલાક ભૂતસૈનિકોએ યજ્ઞકુંડમાં પેશાબ કર્યો. મણિભદ્રએ ભૃગુૠષિનાં શ્મ ખેંચી કાઢયાં. તો વીરભદ્રએ પૂષાના દાંત તોડી નાંખ્યા.ધૂપ ઉપાડીને યજ્ઞમાં ફેંકયો અને બલિપશુઓને મુકત કરી દીધાં. પશુઓ રાડારાડ કરતાં ભાગ્યાં.

દક્ષ ચૌદિશથી ઘેરાઈ ગયો.વીરભદ્રે એનો શિરચ્છેદ કર્યો અને એનું મસ્તક ભડભડ સળગતા યજ્ઞાગ્નિમાં ફેંકી દીધું.

ચોદિશ સર્વનાશ કરી સહસ્ર સહસ્ર ૠષિઓ, મુનિઓ, દેવતાઓ, બ્રાહ્મણોનો સંહાર કરીને ભૂતસેના નાગસેના પાછી વળી.

શિવજીએ વિધ્વંસ પામેલા યજ્ઞસ્થલે આવીને ત્યાં બળીને ભસ્મ થયેલો સતીનો દેહ સ્કંધ પર ઊંચકયો. એમની એક આંખમાં અશ્રુ હતાં. અને બીજી આંખમાં અગ્નિ હતો. એમણે ભૂતસેના, નાગસેનાને ચોદિશ આગ લગાડવા અને સર્વનાશ કરવા આદેશ આપ્યો. સમગ્ર હિમગિરિ સળગવા લાગ્યો. હિમગિરિની ઉપત્યકામાં વસી ગયેલા આર્યો— બ્રાહ્મણો, સ્ત્રીઓ અને શિશુઓ અરણ્યમાં આગ લાગતાં જેમ મૃગ અને વૃક ભાગે તેમ ભાગવા લાગ્યા. સર્વત્ર હાહાકાર મચી રહયો. 'એકપણ આર્ય નાગપ્રદેશમાં ન રહેવો જોઈએ.' શિવજીએ આદેશ આપ્યો. શિવજીએ ભૂતની જેમ સતીનો દગ્ધમૃતદેહ લઈ ફર્યા કર્યુ. સતીના વિરહમાં એ ઉન્મત્ત થઈ ગયા હતા.

ઈન્દ્ર, બ્રહ્ન, વિષ્ણુ અને દેવો ચિંતામાં પડી ગયા. બ્રહ્નાએ ફરી સર્વને પોતાની પાસે બોલાવ્યા.

મહાઅનર્થ થયો. મૂર્ખ દક્ષ કશું સમજયો નહિ અને નાગપતિ શિવજીને કોપાયમાન કર્યા.હિમગિરિની ઉપત્યકાઓમાં આર્યોને વસાવવાનું આપણું સ્વપ્ન શીર્ણવિશીર્ણ કરી દીધું. બ્રહ્ન સ્વગત બોલતા રહયા.

'અમારા કારણે આપને પુત્રવિરહ થયો. અમે વ્યથિત છીએ.' ઈન્દ્ર અને વિષ્ણુએ હાથ જોડયા.

'બનવા કાળ બની ગયું પરંતુ શિવને મનાવવા તો પડશેજ.'

'આપજ તરણોપાય બતાવો દેવ !' ઈન્દ્ર બોલ્યો.

'હિમવાનને ત્રણ પુત્રી છે. તેમાંની એકને અસિતૠષિને વરાવી છે. બીજીને જૈગીષવ્ય ૠષિને વરાવી છે. ત્રીજી અપર્ણા હજી કુમારી છે. તો તેને શિવજી સાથે વરાવીએ!'

'સાધુ ! સાધુ ! બ્રહ્નદેવ! તો જ પત્ની વિવ્હળ શિવજી શાંત થશે.' વિષ્ણુ બોલ્યા.

'કામવિવ્હળ કહો.' ઈન્દ્રે કટાક્ષ કર્યો. સર્વ દેવો —દેવતાઓના મુખ પર હાસ્ય પ્રગટયું.

'પણ હિમવાન માનશે ?'

' ન કેમ માને ? હું કહું ને ન માને ?' બ્રહ્નાએ દઢ વિશ્વાસ વ્યકત કર્યો.

'અને કદાપિ ન માને તો શિવજીને જ અપર્ણા બતાવી દઈએ. જખ મારીને હિમવાને માનવું પડશે.' ઈન્દ્ર બોલ્યા. સર્વ દેવો હસી પડયા.

**દલિત અધિકાર**

**પ્રકાશ મહેરિયા**
**તંત્રી, દલિત અધિકાર, ઍડવોકેટ અને નોટરી**
**૯, એ-વિંગ, સેકન્ડ ફ્લોર, પુષ્પ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક અને અર્કેડ, પટેલ મિલ પાસે, જુની રાજપુર મિલ કમ્પાઉન્ડ, રખિયાલ, અમદાવાદ-૩૮૦ ૦૨૧, મો. ૯૯૨૫૭ ૧૯૫૬૫**
**વાર્ષિક લવાજમ રૂ. ૭૫/-, દ્વિવાર્ષિક લવાજમ રૂ. ૧૫૦/-**

# ગમતું લખો અને ગાળો ખાઓ

**બેબાક**

**રિદ્ધિ મુંધવા**

અભિવ્યક્તિની આઝાદી.... આ બે શબ્દો સાંભળવામાં રૂડા લાગે એટલા જ જ્યારે અભિવ્યક્ત થાય ત્યારે લાગતા હોત તો આ દેશની મોટાભાગની સમસ્યાઓ હલ થઈ ગઈ હોત. પણ શું છે કે આપણને લાગી બહુ આવે. લાગણીય તે પાછી એટલી બધી નબળી કે વારેવારે દુભાઈ જાય છે. કોઈએ કઠણ બનવા જ ન દીધી બિચારીને. વાતમાં કંઈ હોય હોય નંઈ તોય આભ માથે લે. જ્યારે બીજી તરફ એવાં પણ લોકો છે, જેમણે લાગણી દુભાવી સમાજની ચિંતા કર્યા વગર છૂટથી પોતાના આચાર-વિચારને અભિવ્યક્ત કરીને આઝાદ કર્યા. આ બંને પ્રકારનાં સામાજિક પ્રાણીઓ આપણને દરેક જગ્યાએ અને દરેક સમયમાં જોવા મળે છે.

લેકિન કિંતુ પરંતુ.... મનમાં એ સવાલ થાય કે અભિવ્યક્તિની આઝાદી વળી કિસ ખેતકી મૂલી હૈ ? લેટસ ફાઈન્ડ આઉટ.... સામાન્ય રીતે જોવા જઈએ તો અભિવ્યક્તિનો અર્થ થાય રજૂઆત કરવી કે સ્પષ્ટતા કરવી. જ્યારે કોઈ વસ્તુ ,લાગણી અને વિચારની કોઈ વ્યક્તિ કે વ્યક્તિઓના સમૂહ સમક્ષ રજૂઆત કરવામાં આવે તો તેને અભિવ્યક્તિ કહી શકાય. આઝાદીનો અર્થ આમ તો ૧૫મી ઓગસ્ટના કારણે કહેવાની જરૂર નથી લાગતી. છતાં ય ચાલો કહી દઈએ કે આઝાદી એટલે સ્વતંત્રતા. હવે મનમાં સવાલ એ થાય કે માનવ વ્યવહાર સાથે સંકળાયેલી આ તદ્દન કુદરતી બાબતને લઈને આટલો ઉહાપોહ કેમ થાય છે ? કેમ પોતાની લાગણી ખૂલીને વ્યક્ત કરતાં માણસ પર માછલાં ધોવામાં આવે છે ...? આના પર રિસર્ચ કરવામાં આવે તો એક આખો થિસિસ લખાઈ જાય. એ કામ બીજા પર છોડી દઈએ. તેનું બેઝિક અને મુખ્ય કારણ જોવા જઈએ તો એ છે કહેવાતા મોર્ડન લોકોની રૂઢિચુસ્ત માનસિકતા. લોકોએ શરીર પર તો નવાં વસ્ત્રો પહેરી લીધાં પરંતુ વિચારોનું એ જ જૂનું પુરાણું ઓઢણું ઓઢી રાખ્યું છે. જેને કોઈએ ઉતારવું નથી.

પરંતુ દુનિયામાં છે અમુક એવા નમૂનાઓ, જેમણે તેને ફાડીને ચૂરચૂર કરી નાંખ્યું. એમાંનો એક નમૂનો એટલે મન્ટો....સઆદત હસન મન્ટો..... જી હા. .. વાત જ્યારે અભિવ્યક્તિની આઝાદીની થતી હોય અને મન્ટોને યાદ ન કરીએ એવું બને જ શી રીતે... ? આપણે મન્ટોને અભિવ્યક્તિની આઝાદીનો પર્યાય ગણીશું તો પણ કદાચ ખોટું નહીં ગણાય.

માત્ર વાર્તાઓ દ્વારા જ નહીં , નીજી જીવનમાં પણ તેમણે બેબાક રીતે પોતાના વિચારો રજૂ કર્યા છે. કોઈની પરવાહ કર્યા વગર. જેનાં રિવોર્ડનાં ભાગરૂપે તેમણે સો કોલ્ડ સંસ્કારી પ્રજાની ગાળોનો ભોગ તો બનવું જ પડ્યું, સાથેસાથે અદાલતનાં આંગણે આવીને ઉભું રહેવું પડ્યું એ અલગ. માત્રને માત્ર પોતાના વિચારો ખૂલીને વ્યક્ત કરવા માટે. ઈઝન્ટ ઈઝ અમેઝિંગ ...? ગમતું કરો અને ગાળો ખાઓ. સૌથી સારી બાબત તો એ છે કે આજે પણ આપણે એટલાં જ સંસ્કારી છીએ અને થેન્કસ ટુ સોશિયલ મીડિયા. આપણને વધારે સંસ્કારી બનાવવા માટે. આશા રાખીએ કે હંમેશા આવા જ બની રહીએ.

બોલ, કે લબ આઝાદ હૈ તેરે
બોલ, ઝબાં અબ તક તેરી હૈ...
બોલ, કી થોડા વક્ત બહુત હૈ...
બોલ, જો કુછ કહેના હૈ કહ લૈ...
**ફૈઝ અહમદ ફૈઝ**

# ક્યાં લડવાનું છે? કોની સામે લડવાનું છે? કશી જ ખબર નથી

**સાંભરણ**

**રાજુ સોલંકી**

અમદાવાદના રિલીફ રોડ પર ઘીકાંટા ચાર રસ્તા પાસે વિશ્વકર્મા ફર્નિચર વર્કર્સની બાજુમાં અત્યારે ઓસીએમની કાપડની છે, ક્યારેક અહીં આ દુકાનમાં, 'પીપલ્સ બુક હાઉસ' નામની પુસ્તકોની દુકાન હતી. આ દુકાન સામ્યવાદી પક્ષની માલિકીની હતી. અબ્દુલ વોરા અને હિંમત શાહ આ દુકાનનું સંચાલન કરતા હતા. બંને બહુ મજાના માણસો હતા. હિંમતભાઈ જન્મે વણિક અને અબ્દુલભાઈ પોતે મુસ્લિમ વોરા. સામ્યવાદી પક્ષમાં દુકાન ચલાવવાની આવે ત્યારે એ કામ પણ વેપારી કોમના બિરાદરો જ કરતાં. વર્ણવ્યવસ્થા એ રીતે અહીં પણ લાગુ જ હતી.

ખેર, મારે બીજી વધારે મહત્વની વાત કરવી છે. આજથી પચાસ વર્ષ પહેલાં કોઇપણ યુવાન દુનિયાની ક્રાંતિઓ વિષે જાણવા માંગતો હોય તો જાણકારો એને આ દુકાનનું સરનામું આપતા હતા. મારું ઘર ઘીકાંટા વિસ્તારમાં જ, એટલે હું અવારનવાર આ દુકાને જતો. આ જગ્યાએ કાર્લ માર્ક્સ, ફ્રેડરિક એંજલ્સ, લેનિન, સ્ટાલિન, ફીડેલ કાસ્ત્રો, ચે ગુવેરાથી માંડીને એન્ટોન ચેખોવ, મેક્સિમ ગોર્કી, રસુલ હમઝાતોવનો પરિચય થયો. અમેરિકી પત્રકાર અને ક્રાંતિકારી લેખક જહોન રીડની વિશ્વ વિખ્યાત કિતાબ Ten days that shook the worldનો ગુજરાતી અનુવાદ 'જગતને ખળભળાવનારા દસ દિવસ' સૌ પહેલાં મેં અહીં વાંચી અને રશિયાની ક્રાંતિનો પરિચય થયો. પછી, સામ્યવાદી પક્ષનું જાહેરનામુ વાંચ્યું. Workers of the world unite, you have nothing to lose but your chains. દુનિયાના મજદૂરો એક થાવ, તમારે તમારી ઝંઝીરો સિવાય કશું જ ગુમાવવાનું નથી. એ વાક્ય પહેલવહેલીવાર વાંચ્યું ત્યારે એવું લાગેલું કે આનાથી મોટી વાત દુનિયામાં કોઇએ કરી નથી. લેનિનની એપ્રિલ થિસિસ પણ અહીંથી જ ખરીદીને વાંચી, જેમાં લેનિનદાદા બૃહદ રશિયાની કઝાક, જ્યોર્જિયા જેવી લઘુ રાષ્ટ્રીયતાઓને right to secede (અલગ થવાનો અધિકાર) આપે છે અને પછી વાંચી એમની Imperialism: The highest stage of capitalism (સામ્રાજ્યવાદઃ મૂડીવાદનો સર્વોચ્ચ તબક્કો) જેમાં લેનિનદાદા લૂંટના માલને વહેંચવા માટે દુનિયાને મહાભયાનક વિશ્વયુદ્ધોમાં ધકેલનારા બ્રિટન, ફ્રાન્સ જેવા શાહીવાદી રાષ્ટ્રોની ગતિવિધિઓ પર વેધક પ્રકાશ પાડે છે. મહાન રૂસી લેખક મેક્સિમ ગોર્કીની ધબકતી નવલકથા Motherનો ગુજરાતી અનુવાદ 'મા' પણ અહીં જ વાંચ્યો, જેમાં એક રૂસી મજૂર એના માલિકને પૂછે છે, "તમારો કોપેક અમારા કોપેક કરતા શું વધારે ગોળ

છે?'' ત્યારે શ્રેષ્ઠ રૂસી સાહિત્યના ગુજરાતી અનુવાદો આ દુકાન દ્વારા મારા જેવા વાંચનભૂખ્યા લોકોને ઉપલબ્ધ થયેલા. રસુલ હમઝાતોવની ગજબની નવલ 'મારુ દાઘેસ્તાન' પણ અહીંથી જ મળેલી.

આ કિતાબની દુકાને મારા જેવા કેટલા લોકોને નવી દુનિયાનો પરિચય કરાવ્યો હશે એની કલ્પના કરવી મુશ્કેલ છે. આજે આવી દુકાનોની ખોટ સાલે છે. ત્યારે રિલીફ રોડ પર પુસ્તકની બે દુકાનો હતી. એક આ 'પીપલ્સ બુક હાઉસ' અને બીજી પથ્થરકૂવા પાસે 'સસ્તું કિતાબ ઘર'. આજે બંને દુકાનો નેસ્તનાબૂદ થઈ ગઈ છે. ચમકતી દુકાનોના અંધકારમાં જ્ઞાનના સ્રોતો ઓલવાઈ ગયા. લોકો ગુગલ કરીને હવે માહિતી મેળવે છે, ગુગલ પર જ્ઞાન નથી મળતું. નવી પેઢીના છોકરાઓ સામ્યવાદના મૂળભૂત પુસ્તકો વાંચતા નથી. ફેસબુક પર 'લડેંગે, જીતેંગે', બોલ્યા કરે છે. ક્યાં લડવાનું છે? કોની સામે લડવાનું છે? કંઈ જ ખબર નથી.

## 'હિન્દુ ભૈયાજી' નામની નવી જાતિનો જન્મ થયો છે !

**પ્રાસંગિક**

અસામાજિક તત્વોના કારણે બંધ પડેલી નવનિર્માણ સ્કૂલ,સાબરમતી,અમદાવાદના રઝળી પડેલા બાળકોના ઘરે જઇને હાલ તેમની શું સ્થિતિ છે તેનો તાગ મેળવવાનો અમે નાનકડો પ્રયાસ કર્યો.

અમદાવાદના સાબરમતી વિસ્તારમાં જૂના અચેર પાસે સુભાષનગરમાં રહેતી બાળકી મૌર્ય કિંજલ મુકેશભાઈના ઘરે અમે ( રાજુ સોલંકી, દિવ્ય પ્રેમ, વિજય જાદવ, એડવોકેટ ઇશ્વરભાઈ મકવાણા) ગયા હતા. કિંજલની માતા સુશીલા ગત ૨૭ જૂને અમારી સાથે અમદાવાદના વસ્ત્રાપુરની ડીઈઓ (જિલ્લા શિક્ષણાધિકારી)ની કચેરીએ આવેલા ત્યારે તેઓ ઘરેથી હિન્દીમાં હાથથી લખેલી અરજી લઇને આવેલા, તેમાં તેમણે સ્પષ્ટ જણાવેલું કે, ''હમારી પુત્રીકા નવનિર્માણ પ્રાથમિક શાળા રામનગર, સાબરમતી મેં આર.ટી.ઈ. કી તરફસે ૨૦૧૫મેં પ્રવેશ મિલા થા. પરંતુ ઈસ વર્ષ ૨૦૧૮માં યહ સ્કૂલ કિસી અસામાજિક તત્વો કે કારણ બંદ કર દી ગઈ હૈ.'' સુશીલાબહેને આ અરજી સાથે એમની દીકરી કિંજલને નવનિર્માણ સ્કૂલે આપેલા એલ.સી.ની ઝેરોક્સ કોપી પણ જોડેલી, જેમાં દંતાણી હિમાંશીને આપેલા એલસીની જેમ અસામાજિક તત્વોનું કારણ દર્શાવાયેલું.

મૌર્ય કિંજલને આર.ટી.ઈ.ના બીજા બાળકો સાથે આદર્શ વિદ્યાલયમાં પ્રવેશ આપવાનો ડી.ઈ.ઓ.એ આદેશ કરેલો, પરંતુ કિંજલના ઘરથી નવી શાળા ખાસી દૂર હોવાથી તેને હાલ ફી ભરીને ઘરની નજીકની કુમાર પ્રાથમિક શાળામાં દાખલ કરવામાં આવી છે. આમ, કિંજલના મફત ભણવાના અધિકારનું અહીં બાળમરણ થઈ ગયું. કિંજલની માતા સુશીલાબહેન ઘરે બેઠા બેઠા સિલાઈકામ કરે છે. એક રૂમ રસોડાના નાનકડા ઘરમાં તેમણે માંડ માંડ અમારા માટે બેસવાની વ્યવસ્થા કરી.

તેમની સાથે વાત કરી તો એક બીજી વાત જાણવા મળી.

સુશીલાબહેન પાસે એમના વતન લખનૌના તહેસીલદારનું 'પિછડા જાતિનું પ્રમાણપત્ર' છે, પરંતુ નવનિર્માણ સ્કૂલે એમની દીકરીને આપેલા એલસીમાં તેનની જાતિ 'હિન્દુ-ભૈયાજી' લખી નાંખી છે ! આ દેશમાં 'હિન્દુ-ભૈયાજી' નામની કોઈ જાતિ જ નથી! હમણાં કુમાર પ્રાથમિક શાળામાં તેઓ કિંજલને દાખલ કરવા ગયા ત્યારે સ્કૂલવાળાએ પણ તેના રજિસ્ટરમાં તેમની જાતિ, 'હિન્દુ-ભૈયાજી' ધરાર લખી! સુશીલાબહેને એમનું 'પિછડી જાતિનું પ્રમાણપત્ર' બતાવ્યું, પણ 'હિન્દુ-ભૈયાજી' જાતિનું એમના કપાળે લાગેલું ટીલું ભૂંસાયું નહીં !

**રાજુ સોલંકી**

## ચૂંટણીના ચટાકા છોડીને થોડું પાયાનું કામ કરો, કોમરેડો-બહુજનો

કેવી વિચિત્રતા છે કે

જે દેશમાં બહુજનોની આબાદી ૮૫% છે, તે દેશના બહુજનો પોતાની પાર્ટી એટલે કે BSPને વોટ નથી આપતા, એટલે કેન્દ્રમાં બહુજન સરકાર બનતી નથી.

જે દેશના શ્રમિકો-ગરીબોની આબાદી ૭૦%થી પણ વધારે છે તે દેશના શ્રમિકો-ગરીબો પોતાની પાર્ટી એટલે કે કમ્યુનિસ્ટ પાર્ટીને વોટ નથી આપતા, એટલે કેન્દ્રમાં કમ્યુનિસ્ટોની સરકાર બનતી નથી.

પોતાની અને માત્ર પોતાની જ મતબેન્ક ગણી શકાય એવી આ ભારે બહુમતી છતાં, ન BSP ન કમ્યુનિસ્ટ પાર્ટી કદી વિચાર કરે છે કે આવું શા માટે થાય છે? પોતાના જ લોકો પોતાની પાર્ટીઓને કેમ મત નથી આપતા?

માર્કસનાં ચોપડાંમાંથી આનો કોઈ ઉકેલ નહીં મળે, બિરાદરો.

માત્ર આંબેડકર પાસે જ એનો જવાબ છે : બહુજન એકતા કે મજૂર એકતા સધાયા વિના તેઓ કદી એક વિશ્વસનીય મતબેન્ક ન બની શકે. અને તેમની એકતા સાધવામાં એક માત્ર રુકાવટ છે તો તે છે 'જાતિ' અને 'ધર્મ'. એટલે કે રાજકીય જાગ્રતિ સાથે સાથે, જાતિઓ અને ધર્મો વચ્ચેના વૈમનસ્યને દૂર કરવા, આપસી સમાનતા અને બંધુતા સ્થાપવા સામાજિક-સાંસ્કૃતિક ઉપાયો વિચારવાની તાતી જરુર છે. રિફોર્મ્સ વગર રેવોલ્યૂશન આવવાનું નથી.

એનો વિચાર કરશે, એનો ઉપચાર કરશે, તો ૫-૨૫ વર્ષેય સ્થિતિ બદલી શકાય. અન્યથા તો ચૂંટણી લડો, હારો, ફરી લડો, ફરી હારો -- એ અનંત સિલસિલો ચાલ્યા કરવાનો.

**નીરવ પટેલ**

## આનંદ અને આભાર

**કાંતિભાઈ કે પરમાર, (ડભાડવાળા)** દ્વારા 'દલિત અધિકાર'ના પાંચ શુભેચ્છા લવાજમ અને પચીસ દ્વિવાર્ષિક લવાજમ મળ્યા છે.

**શંકરભાઈ લેઉવા(જયભીમ, ગાંધીનગર)** દ્વારા 'દલિત અધિકાર'ના ૨૦ લવાજમ મળ્યા છે.

**ભીખાભાઈ અમીન (ગાંધીનગર) અને જીઈબી ગાંધીનગરના** અધિકારીઓ-કર્મચારીઓ તરફથી 'દલિત અધિકાર'ના ૨૯ લવાજમ મળ્યા છે.

**પ્રા.ડો. રમેશભાઈ રાવલિયા (પ્રાંતિજ,જિ.સાબરકાંઠા)** દ્વારા ૧૩ દ્વિવાર્ષિક લવાજમ મળ્યા છે.

**જિતેન્દ્ર કે.ખરા , કમલેશ કટારિયા** અને **મહેશભાઈ પરમાર**ની પહેલથી 'રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ'ના કાર્યકરોના ૨૫ વાર્ષિક લવાજમ મળ્યા છે.

**મણિભાઈ રોહિત** તરફથી દર મહિને બે વાર્ષિક લવાજમો મળતા રહે છે. **રમણ વાઘેલા** (નિવૃત નાયબ સચિવ અને અગ્રણી દલિત સાહિત્યકાર) તથા **એમ.જી.ચૌહાણ**(નિવૃત ઉપસચિવ, ગૃહ વિભાગ, ગાંધીનગર) દ્વારા નિરપેક્ષ ભાવે અવારનવાર લવાજમો મળતા રહે છે.

આનંદ અને આભાર સૌનો

# અને મારે આ લખવાનું કારણ એટલું કે...

**આત્મકથ્ય**

**નાનજીભાઈ સોંદરવા**

હું સોંદરવા નાનજીભાઈ મેઘાભાઈ, મુ. ગામ માણેકવાડા, તાલુકો કોટડા સાંગણી, જિલ્લો રાજકોટ મારે લખવાનું કારણ કે મારે માટે જીવનું જોખમ છે. ક્યારે મને કોઈ મારી નાંખે કે ક્યારે મારી પીઠ પાછળ દગો કરે અને ક્યારે મારા મોટાભાઈ વિનોદની જેમ મને અકસ્માતમાં લઈ લે તેનું કાંઈ નક્કી નથી. અમારા કાકા, બાપા, ભાઈઓ તથા અમારા પરિવાર ઉપર ક્યારે અમારી ઉપર હુમલો કરે તે નક્કી નથી. બસ હું નીચે લખું છું તે ધ્યાન દઈને વાંચજો.

મને વાંચવાનો બહુજ શોખ છે અને મને નાનપણથી જ્યારે સમજણ આવી ત્યારથી હું પ્રાથમિક શાળામાં ભણતો હતો ત્યારથી શાળાની અંદર રાષ્ટ્રીય નેતા અને શહીદો વિશે જાણવાનો બહુ જ શોખ થયો. અમારી પરિસ્થિતિ નબળી હોવાથી હું કાંઈ જાણી શક્યો નહીં. પરંતુ મેં મારા જ ગામના દેવરાજભાઈ તળપદા કોળીની દીકરી સાથે લવ મેરેજ કરીને ગામમાં માથાકુટ ના થાય એટલા માટે લગભગ આઠ વર્ષ ગુજરાતમાં જુદા જુદા સ્થળો ઉપર રહી ચૂક્યો છું અને જનાવર કરતા પણ વધારે નબળી જિંદગી જીવી શક્યો શું.

લગભગ મને યાદ છે કે ૨૦૦૮ અથવા ૨૦૦૯માં લોકસભાની ચૂંટણી આવી અને મારા હાથમાં બહુજન સમાજ પાર્ટીની પત્રિકા આવી ત્યારે ઉમેદવાર હતા. દલીચંદભાઈ પટેલ પાર્ટી લોકસભાના બહુજન સમાજ ત્યારે હું અને મારા બે મિત્ર બાબુભાઈ સી. ચોરાડા અને દિનેશભાઈ પરમાર, માણેકવાડા પાદરના ઓટે રાતના ૯ વાગ્યાની આસપાસ બેઠા હતા ત્યારે દલીચંદભાઈ પટેલ, જીવણભાઈ પરમાર, માધુભાઈ ગોહિલ, પ્રફુલભાઈ પંડ્યા, મોહનભાઈ રાખૈયા, બાબુભાઈ પરમાર અને તેની સાથે બીજા ત્રણ સાથી માત્ર હતા જેનું નામ મને આવડતું નથી અમારી પાસે ઉભા રહ્યા અને અમને બહુજન સમાજ પાર્ટીના સ્થાપક માન્યવર કાંશીરામસાહેબ, બહેન કુમારી માયાવતી અને ડૉ. બાબાસાહેબ આંબેડકર વિશે જણાવ્યું અને અમે ત્યારથી તેની સાથે પ્રચારમાં જોડાણા અને બહુજન સમાજ પાર્ટીના નેજા હેઠળ સમય રહેતા કામ કરવા લાગ્યા.

ચૂંટણીની તારીખ આવી ગઈ. બાબુભાઈ ચોરાડા માણેકવાડાની પ્રાથમિક શાળામાં પોલીંગ મેનેજર તરીકે રહ્યા અને હું તથા દિનેશભાઈ પરમાર મતદાન મથક ઉપર ધ્યાન રાખવા અને બહુજન સમાજ પાર્ટીને મત મળે તે માટે બાજુનું ગામ વડિયા ગયા. ત્યાં ગામમાં પહોંચ્યા તો કોંગ્રેસના લોકો મોટા માંડવાના નરેન્દ્રભાઈ ભાનુભાઈ સોલંકી અમને ભેગા થયા અને બોલવા લાગ્યા કે “તમે અમારા કોંગ્રેસના મત તોળે છે. અમને કહેવા લાગ્યા કે હું અર્જુનભાઈ ઘનશ્યામ ખાટરિયાને કહી દઈશ કે બે છોકરા આવ્યા હતા કોંગ્રેસના મત તોડવા અને અર્જનુભાઈ તમારા હાથપગ ભાંગી નાંખેશે.”

બસ ચૂંટણી પૂરી થઈ. બે ત્રણ દિવસ થયા તો રાજકોટથી પ્રફુલભાઈ જિલ્લા પ્રમુખનો ફોન આવ્યો કે નાનજીભાઈ બાબુભાઈ અને દિનેશભાઈને મતગણતરી એજન્ટ તરીકે પી.ડી. માલવિયા કોલેજ રાજકોટ આવવાનું છે. મેં તો બાબુભાઈને વાત કરી અને દિનેશભાઈને પણ વાત કરી. તો દિનેશભાઈને ક્યાંક કામે જવાનું થયું. પછી હું અને બાબુભાઈ રાજકોટ પી.ડી. માલવિયા કોલેજ સવારના વહેલા સાત વાગ્યે પહોંચી ગયા. પહેલી જ વાર મત ગણતરી બુથ ઉપર પહોંચ્યા અમને કોઈ પણ ખબર પડતી નહોતી અને હાથમાં પેન કાગળ લઈને બીજા લખે તેમ લખવા બેસી ગયા. પરંતુ અર્જુનભાઈ ત્યાં હશે તે મને ખબર નહોતી. બાબુભાઈ અર્જુનભાઈને જોઈ ગયા અને મને કહ્યું કે સામે સફેદ કપડા પહેરીને આંટા મારે છે. તે અર્જુનભાઈ ખાટરિયા છે અને તેના બાજુમાં કુંવરજીભાઈ બાવળિયા છે. લગભગ ૧૧ વાગ્યાની આસપાસ બહાર આવતા ભાજપના ઉમેદવાર કિરણભાઈ પટેલ હારી ગયા અને અમારા ઉમેદવાર દલીચંદભાઈ પટેલ પણ હારી ગયા. જસદણના ઉમેદવાર કુંવરજીભાઈ બાવળિયા જીતી ગયા.

અમે તો ત્યાં ફટાકડા ફુટતા જોયા અને જોઈને સાંજે ઘરે આવતા રહ્યા. લગભગ એક મહિના પછી મોહનભાઈ સખૈયા માણેકવાડા આવ્યા. અમારી મુલાકાત લેવા તેમણે અમારા વખાણ કર્યા પહેલીવાર મહેનત કરી અને માણેકવાડામાંથી લગભગ ૪૬ મત મેળવ્યા હતા. મને બહુજન સમાજ પાર્ટીની મિટિંગ માણેકવાડામાં રાખવાનું કહ્યું પછી હું અને બાબુભાઈ દિનેશને ઘરે ગયા અને મિટિંગ વિશે વાત કરી તો તેમણે જણાવ્યું કે હું મિટિંગમાં મારા કાકાને ખબર નહીં પડે તેમ આવીશ એટલે અમે પૂછ્યું કે મિટિંગ આપણે ત્રણ જણાની નથી રાખવા આપણા આખા વાસની રાખવાની છે. તેણે અમને જણાવ્યું કે આપણા ગામના મહેન્દ્રભાઈ જાડેજા અને અર્જુનભાઈએ મારા કાકા સરપંચ સોમાભાઈને કહ્યું કે તમારા છોકરા દિનેશને, નાનજી અને બાબુ સાથે મોકલતા નહીં. તે આપણી વિરુદ્ધ ચાલે છે.

પછી બાબુભાઈએ મને કહ્યું કે નાનજી આપણે રાજકોટ બહેન માયાવતી આવ્યા હતા ત્યારે આપણે બહેનને જોવા રીક્ષા ભરીને જોવા ગયા હતા અને આપણે છેટેથી જોયા એમનું ભાષણ જેવું તેવું સાંભળ્યું. ઘણા બધા માણસો જોયા એમાંથી જીવણભાઈ પરમાર અને મહેન્દ્રભાઈ બહેનની સાવ નજીક હતા તો હવે આપણે તો બહેનને હિંમત રાખીને મોહનભાઈ જીવણભાઈ અને બધા કાર્યકર્તાને માણેકવાડા બોલાવા જોઈએ. પછી અમે એક દિવસ સાંજના ૮ વાગ્યે માણેકવાડા જૂના વાસમાં લખા બાપાના ફળિયાએ મિટિંગ રાખી અને તમામ વાસને બોલાવ્યા અને બધા જ લોકો આવ્યા.

રાજકોટથી જીવણભાઈ પરમાર, મોહનભાઈ રાખૈયા, વિજયભાઈ પરમાર, બાબુભાઈ પરમાર, પ્રફુલભાઈ ચાવડા, હર્ષદભાઈ મકવાણા અને માધુભાઈ ગોહિલે સરસ મજાનું ભાષણ કર્યું. લગભગ રાતના દશ વાગ્યા સુધી મિટિંગ ચાલી હતી અને અમને પાયાની જવાબદારી સોંપવામાં આવી. અમે છત્રપતી શાહુજી મહારાજ જ્યોતિબા ફુલેને સાવિત્રીબાઈ ફુલે બિરસામુંડા જેવા અનેક સંતો-મહાપુરુષો વિશે જાણવા લાગ્યા. પછી ભગવાન બુદ્ધના રસ્તા ઉપર ચાલવા લાગ્યા. હું બાબુબાઈ જીવણભાઈ, વિજયભાઈ ગામડે ગામડે જઈને બાબાસાહેબની વાતો કરતા અને ડૉ. બાબાસાહેબની ફિલ્મ બતાવી માયાવતી બહેનની વાતો કરી, લોકોને સમજાવવા લાગ્યા. માણસો સક્રિય થવા લાગ્યા.

પરંતુ અમને ખબર નહોતી કે આપણા સમાજના ડરપોક માણસો, પોતાની જાતને હોંશિયાર માનવાવાળા માણસો, માણેકવાડાના દરબારને

અમારા વિશે જાણ કરવા લાગ્યા. માણેકવાડાના મહેન્દ્રસિંહ જાડેજા અમારી માથે વોચ રાખવા લાગ્યા. અમને તેની સસ્તા અનાજની દુકાનમાં વિરોધ કરવા લાગ્યા અને અમારી સાથે અભદ્ર વહેવાર કરવા લાગ્યા. અમને ધાકધમકીઓ મળવા લાગી. પણ અમે અમારું કામ ચાલુ જ રાખ્યું. અમે સતત દોઢ વર્ષ દિવસના કામેથી આવી સાંજે જમીને ગામડે નીકળી જતા. ત્યાં તાલુકા પંચાયતની નજીક ચૂંટણી આવી ગઈ.

હું અને બાબુભાઈ કોટડા તાલુકામાં, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતના ઉમેદવાર શોધવા નીકળી ગયા. માણેકવાડાના મહેન્દ્રસિંહ અમારી ઉપર ખાર ખાર થયા. કોટડા જિલ્લા પંચાયતના ઉમેદવાર નહોતા મળતા એટલે મું ઉભો રહેવાનું નક્કી કર્યું. બાબુભાઈએ માણેકવાડાથી તાલુકા પંચાયત લડવાનું નક્કી કર્યું. ત્યાં અમને રાત્રે એક વાગ્યાની આસપાસ મહેન્દ્રભાઈ રાખવાનો ફોન આવ્યો કે નાનજીભાઈ તમારે કોટડા સાંગાણીની જિલ્લા પંચાયત નથી લડવાની તમારે શાપર વેરાવળની લડવાની છે.

પછી મેં કહ્યું કે અમારા ફોર્મ ભરાઈ ગયા છે અને સોગંદનામું પણ થઈ ગયું છે. અમને ટિકિટ પણ મળી ગઈ છે. તો હવે અમારે આનું શું કરવું? પછી તેમણે કહ્યું કે હડમતવાળાના દરબાર ભરતસિંહ જાડેજા તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત લડે છે અને તે બાકીના ઉમેદવાર ગોઠવે છે. પછી મારા અને બાબુભાઈ આવી ગયા કે હવે આપણને મહેન્દ્રસિંહ કાંઈ કરી શકશે નહીં.

## ચૂંટણી ચાર દિવસનો ખેલ નથી

સરેરાશ હિંદુ મતદાર મૂળેથી જ જ્ઞાતિવાદી અને હિંદુત્વવાદી હતો, RSS-VHP-BJPએ તેને આટલાં વર્ષોના પ્રોપગન્ડા-બ્રેઈનવોશિંગથી ઓર પાક્કો હિંદુ બનાવી દીધો છે.

એને માનવતાવાદી-ન્યાયવાદી-સમાનતાવાદી-ભ્રાતૃભાવવાદી-વિવેકબુદ્ધિવાદી બનાવ્યા સિવાય દેશમાં કોઈ ક્રાંતિકારી પરિવર્તન શક્ય નથી.

અને એ માટે માર્ક્સની વર્ગીય ક્રાન્તિની નહીં, બલ્કે સાંસ્કૃતિક ક્રાંતિની જરૂર છે દેશને. મતદારની ચેતનાને બદલ્યા સિવાય કશું જ શક્ય નથી.

RSS-VHP-BJPના સેંકડો વર્ષના સહિયારા પ્રયાસથી આ 'હિંદુ એકતા' સિદ્ધ થઈ છે. આંબેડકરવાદીઓ (BSP વગેરે) અને માર્ક્સવાદીઓ (કમ્યુનિસ્ટો વગેરે) જો આ દેશના શાસક થવા માગતા હોય તો તેમણે સૌ પ્રથમ તો દલિતો-બહુજન-સર્વહારાનું de-schooling કરીને તેમનામાં નવાં માનવમૂલ્યો સિંચવા જોઈએ, અને આ કામ ચૂંટણીના ચાર દિવસ કે ચાર મહિનામાં સિદ્ધ ના થઈ શકે, એના માટે વર્ષોની મહેનત જરૂરી છે.

આંબેડકરવાદીઓ-માર્ક્સવાદીઓ, ચૂંટણી આવ્યે તમને ચળ ઉપડે છે. પોતાની મતબેન્ક તૈયાર કરવા પાંચ વર્ષ જેટલો મોટો સમયગાળો મળે છે તમને, પણ તમે કટ્ટર હિંદુઓના માનસપરિવર્તનના એજન્ડાને મહત્વ આપ્યા વિના શ્રમિકો-ગરીબો-બહુજનની આભાસી બહુમતીને સ્વયંસિદ્ધ બહુમતી માનીને ચૂંટણીમાં ઝૂકાવો છો ને બૂરા હાલે હારો છો!

તમારા આવાં આંધળુકિયાથી તમે કટ્ટર જમણેરીઓને સત્તાસ્થાને બેસાડવામાં મદદ કરો છો, લોકોને થોડી પણ રાહત રહે તેવા lesser evil જેવા મધ્યમમાર્ગી-ઉદારમતવાદી પક્ષો/પ્રતિનિધિઓને હરાવવામાં તમે મદદરૂપ થાવ છો!

**નીરવ પટેલ**

## પ્રતિસાદ

## માંડલ તાલુકાના ટ્રેન્ટ ગામે દલિત સમાજના વાળ ન કાપનાર ચાર દુકાનો સીલ કરાઈ

અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકાના ટ્રેન્ટ ગામે દલિત સમાજના વાળ, દાઢી ન કરતા હોઈ આઝાદીના ૭૦ વર્ષે પણ દલિત સમાજે સંઘર્ષ કરવો પડે છે. ટ્રેન્ટ ગામે મુખ્યત્વે પટેલ, ઠાકોર, ભરવાડ જ્ઞાતિઓ વસે છે. જેમાં ૧૦૦ જેટલા ઘર દલિત સમાજના છે.

ટ્રેન્ટ ગામે હેર કટિંગ સલુનની ચાર દુકાનો આવેલી છે. ગામે વર્ષો જૂની પ્રથા અનુસાર દલિતો સમાજના લોકોના વાળ, કાપવામાં આવતા નથી તેથી વિરમગામ શહેરમાં વાળ કપાવવા આવવું પડતું હોઈ સ્થાનિક 'આંબેડકર યુવક મંડળ'ના યુવાનોએ આ જાતિવાદી અને સંવિધાન વિરુધ્ધની પ્રવૃત્તિની સામે લડત ચાલુ કરી અને તા. ૧૯-૦૯-૨૦૧૮ મામલતદાર, પી.એસ.આઈ, તાલુકા વિકાસ અધિકારીને લેખિતમાં ભેદભાવ બંધ કરવા રજૂઆત કરી હતી. પરંતુ આ બાબતે કોઈજ કાર્યવાહી કરવામાં આવી નહિ. જેથી આ અંગે કિરીટ રાઠોડ (સંયોજક – અનુસુચિત જાતિ અધિકાર આંદોલન સમિતિ), અમૃત વાઘેલા, કનુભાઈ સુમેસરા, વસંતભાઈ સોલંકી સહિતના આગેવાનોએ તા.૨૪/૦૯/૨૦૧૮ ના રોજ ગામની મુલાકાત લઈને આ સવાલ અંગે હકીકતો મેળવી. આ સમસ્યાનો હકારાત્મક ઉકેલ લાવવા માટે ગામના સરપંચ રસિક પટેલ આગેવાનોને પંચાયતમાં મળી રજૂઆત કરતા સરપંચે જણાવ્યું કે, દલિતોના વાળ કોઈપણ સંજોગોમાં કાપવામાં આવશે નહિ. અને તમે પંચાયત ઓફિસમાંથી બહાર નીકળી જાવ તેવી ધમકી પણ આપી.

જેથી ડો.આંબેડકર યુવક મંડળના યુવાનોએ પી.એસ.આઈ. માંડલ સમક્ષ લેખિતમાં ફરિયાદ આપી જેમાં જણાવેલ છે કે ટ્રેન્ટ ગામમાં આઝાદીના ૭૦ વર્ષે પણ દલિત સમાજ સાથે આભડછેટ રાખવામાં આવે છે. જેને લઈને દલિત સમાજના વાળંદની દુકાનોમાં વાળ કાપવામાં આવતા નથી. આ સમગ્ર બાબતની તપાસ કરવાની માંગણી કરવામાં આવતા મામલતદાર અને પી.એસ.આઈ એ ટ્રેન્ટ ગામે જાત તપાસ કરતા હકીકત સાચી હોવાનું જણાઈ આવ્યું. જેથી કોઈપણ જાહેર જગ્યાએ સમાનતાના ધોરણે સેવા ન આપનાર વ્યક્તિઓ વેપાર – ધંધો કરી શકે નહિ અને જે લોકો જાહેર જગ્યાએ આભડછેટ રાખે તો તે ફોજદારી ગુન્હો બનતો હોઈ ટ્રેન્ટ ગામમાં વાળ કાપવાની ચાર દુકાનોને સીલ મારી દેવામાં આવ્યા છે. અને આ દુકાનો જયારે પણ ભવિષ્યમાં ખોલવામાં આવે તો દલિત સમાજના વાળ કાપી દેવામાં આવશે તેવું દુકાનદારોનું નિવેદન પણ લેવામાં આવ્યું છે.

વિરમગામ, માંડલ, દેત્રોજ તાલુકાઓમાં અનેક ગામોમાં દલિત સમાજના વાળ કાપવામાં ભેદભાવ રાખવામાં આવે છે. જેને બંધ કરવા આગામી દિવસોમાં વાળંદ સમાજને ગુલાબનું ફૂલ આપી આંદોલનની શરૂઆત કરવામાં આવશે.

**કિરીટ રાઠોડ**

## દલિત કવિતા

### ભાનુભાઈ બુનકરકી સ્મૃતિ મેં

ન થી ઉનકી ખુદકી જમીં
ઔર નથી ઉનકો પૈસો કી કભી કમી
ફિર ભી હસ્તે હસ્તે દે દી  સમાજ કે નામ પે,
અપને પ્રાણો કી બલિ.

દો બોલ કહે ઉન્હોંને જાતે જાતે
"ચમાર-વણકર કે ચક્કરમેં ક્યોં પડે હે સારે
ભૂલ રહે હૈં હમ ઈતિહાસ કો અપના
ન મૈં ચમાર હું, ન મૈં બુનકર હું, નાહીં કુછ ઔર હું"

દિલાને કિસીકે હકકી જમીં
વો ખુદ જલ ઉઠા
ઔર હમ અભી ભી
આપસ મેં નહીં ભૂલે
આપસ કે શિકવા-ગિલા.

અંત તક આપકી જુંબા પર થે
'જય ભીમ', 'જય ભીમ' કે શબ્દ
ઔર આશ્વસ્તથે કી  જાગ્રત હૈ મેરા સમાજ
નહીં જાને દેંગે વ્યર્થ મેરી કુર્બાની કભી
પર આજ કુછ ઔર હૈ !!!
ઔર હમ ભૂલ ગયે હૈ ઉસ પલ કો ભી.

કૈસી હોગી વો જલને કી પીડા
કૈસી હોગી વો સમાજ કે પ્રતિ
મર મિટને કી ચાહના
લડતા રહા અંતિમ સાંસ તક વો
જિસને કભી ઐસા ન સોચા હોગા.

છીન લિયે હમસે હમારે ભાનુભાઈ કો
ઔર દિખા દિયા જાલિમોં ને હમેં ઠેંગા
આઠ શર્તોમેં સે નહીં એક કો ભી પૂરા કિયા
ઔર જિસ નામકી જમીં દી
ઉસકા નહીં હૈ કુછ અતાપતા
ઉલ્લુ બનાને નિકલે હૈ હમેં
ઔર બન ગયે હૈં હમ સબ ભી
પર અબ નહીં.
ક્યોં કિ
નહીં જાને દેંગે ભાનુભાઈ કી કુર્બાની કો વ્યર્થ
મિલકે લડગેં ઔર માંગેગે સબ સવાલોં કે જવાબ.

**ફેનીલ મેવાડા**

### અજબ સંસ્કૃતિ

વરવા વંશાભિમાન
ની વણઝારમાં
જાત્યોચ્છતાની બજારના
અજબ ગજબ નમૂના.
અમેરિકા
સ્થાપવા સ્વને
અન્યથી અધિક
સબળ
સફળ
શક્તિમાન
સમજદાર
ઉંચા હોવાની હોડીમાં અગ્રેસર ;
ગન
પિસ્તોલ
બંદૂક
રાયફલ
સ્નાયફર
ઘાતક હિંસક હથિયારનુ
ધારણ કરવું ,
વાજબી
કાનૂની
પર્યાપ્ત  છે .

ભારત ,
અન્યને સ્વના અહમથી
નીચા
હલકા
મામુલી
નકામા
તુચ્છ
સમજવા સમજાવવા દેખાડવા ;
સુતરના તાંતણાનુ ઝુમખુ
ટીલા
ટપકા
ચાંદલા નાના રંગ-રૂપે
ચોટલી
લીટા લપેટા
આડા ઉભા
ભાલ
ગળે
કાને-ઓડ પર
ચંદન રાખ તણા
ઘોન્ગડી
પોથી
ઉપકરણ
વિશિષ્ટ વિધવિધ પ્રકારના ,
પંચિયા
સાફા
પાઘડી
પાઘડીના આંટા
આંટાના વળ અવનવા
વળે વળે વિંટળાયેલો
સદીઓથી ડોકાયા કરતો
વિખથી ખદબદ થતો ખુમાર ;
કમખા
કોટ જાકિટ
કડિયા
લેંઘા ઝભ્ભા
ઉજળા ધોળા સબાણ
ઉપર
જાતિ-વિશેષના થપ્પે થપ્પા
અને
એક
તીખો તુરો તમતમતો તામસી
સવાલ
એટલે ,
તમે કેવા ?
જીવતા જન
ગૌરવને
મડદાંમા
ખપાવવા પૂરતા .

**ટી. પી. બાબરિયા**

**દલિત અધિકાર (પાક્ષિક)**

**એક વર્ષના ૨૪ અંકો**
**લવાજમ રૂ. ૭૫**
**બે વર્ષના ૪૮ અંકો**
**લવાજમ રૂ. ૧૫૦**

R.N.I. No. GUJGUJ/2005/17601 Regd. No. GAMC-1494/2017-19 Valid upto 31-12-2019
Post At : Amd. PSO Ahmedabad-382002On 5th & 20th of Every Month
Published on 1st & 16th of Every Month


# મોહનદાસ અને મહેમુદચાચા

એકવચન

અશોક વાણિયા

જોવું ઝાંખું, સાંભળવું આછું, સીધા વાસાનું થાવું વાંકું
લાઠીની ઠક–ઠકમાં તન ઓગળી, કોઈ તારી રાહ જુએ છે.

**હર્ષદ ચંદારાણા**

પંદર દિવસે મારી મિલ મજદૂર માની ખબર લેવા ગયો. માની મિલ બંધ પડી ગઈ છે. માને અમારા ફ્લેટમાં જરાયે ગમતું નથી.

મા એ ચા બનાવી.આ વખતે રોગની બિસ્કુટ કે ટોસ્ટ ચા સાથે ખાવા આપ્યા નહીં. મારી નાનપણની ટેવથી વાકેફ માને કહ્યું : ‘‘કેમ આજે ટોસ્ટ કે બિસ્કુટ નથી ?’’

‘‘ના બેટા, મહેમૂદચાચા ઘણા દિવસથી ચાલીમાં આવ્યા નથી’’

‘‘બીમાર છે?’’

‘‘ખબર નૈ છેલ્લાં કેટલાંયે દિવસથી આ કંઈ હિન્દીભાષીઓને તગેડી મુકવાના સમાચાર છાપામાં વાંચું છુ. યુ.પી.ના લોકો ગુજરાત છોડી રહયા છે, એવું ચાલીમાં પણ રોજ લોકોના મોંઢે વાતો સાંભળું છું. સામેના વિસ્તારની હિન્દી ભાષીઓની બાર સાંચાની ચાલી તો ખાલી થઈ ગઈ છે. મહેમુદચાચા પણ ત્યાં જ રહેતા હતા.’’ મારી માના ચહેરા પર સ્પષ્ટ ચિંતા જણાતી હતી. તેને ભીતિ હતી કે હિન્દીભાષીને ગુજરાતીઓ વચ્ચે દંગલ તો નહીં થાય ને ?

બાય ધ વે..આ મહેમૂદચાચા અને મારા દાદા બંને એક જ મિલમાં મજદૂર તરીકે ત્રીજી પાળીમાં (રાતના બારથી સવારના સાત વાગ્યા સુધી)કામ કરતા હતા. દાદા તો દુનિયા છોડી ગયા.. મહેમૂદચાચા મૂળ તો મેરઠના. મિલની નોકરી પૂરી કરીને મહેનતકશ આદમીને પાછા સ્વમાની જીવ. બેકરીમાંથી બિસ્કુટ ને ટોસ્ટ ટોપલો ભરીને લઈ આવે. માથે ટોપલો ઉંચકીને ચાલીએ ચાલીએ વેચે. અમારી ચાલીમાં આવવાનો બપોરના બે વાગ્યાનો ટાઈમ ફિક્સ. ‘બિસ્કુઉઉઉટ...’ કરતો લહેકો કરે. એટલે ખબર પડે કે મહેમૂદચાચા આવી ગયા. મારા ઘર આગળ ઘેઘુર પીપળ..મારી મા ને બૂમ પાડે : ‘બેટા, પાની પીલા દેના.’ છાંયડામાં ટોપલો ઉતારે.

મારું બાળપણ પણ ચાલીમાં પસાર થયેલું..મને યાદ છે કે મહેમુદચાચા મને હાથ પકડીને પાસે બેસાડે.. ‘તુજે જો કુછ ચહિયે વો લેલે બેટા..’ એવું કહેતા. મારી મા મને આંખોના ઈશારાથી ના પાડી દે. પૈસા આપી ને જ લેવાનો નિયમ.

એકાદ–બે કલાક માથા નીચે ઈંઢોણી મૂકીને ચાચા આરામ કરી લે.વળી પાછા સાડા ત્રણ–ચાર વાગે ટોપલો ઉપાડી ચાચા ‘બિસ્કઉઉઉટ’નો લાંબો લહેકો પાડતાં નીકળી પડે.આ એમની રોજી રોટી રળવાની સિસ્ટમ કદાચ ઘણા વર્ષે તૂટી હશે..પાપી પેટ કરતાંયે જીવ વધુ વહાલો હોય..


મને એ સમજાતું નહોતું કે હિન્દુ–મુસ્લિમના અગનોસિત્તેરના હુલ્લડ વખતે, અનામત વિરોધી આંદોલનના સમયમાં, બાબરી મસ્જિદ તૂટી ત્યારે થયેલા તોફાનોમાં અને છેલ્લે ગોધરાકાંડ બાદના તોફાનો વખતે પણ બેધડક બિસ્કુટ વેચવા આવતા ચાચાને કદાચ આ વખતે પ્રાંતવાદના વકરી ગયેલા, વંઠી ગયેલા સમયે, સમજાવી દીધું હશે કે ‘અબ તો વતન કી મિટટી મેં હી મિલ જાના અચ્છા હૈ..’

ટોસ્ટ અને રોગની બિસ્કુટ વગરની મારી માના હાથની ચા તો પીધી પણ મહેમુદચાચાની મહેનત ને મહોબ્બતના ટોસ્ટ વિનાની ચા ગળેથી ઉતારી દીધી હોય તેવું લાગ્યું.

દીવાલ પર સામ સામે લગાવેલા ગાંધીજી અને ડો.આંબેડકરના ફોટા પર નજર પડી..બોખા મોંઢે ગાંધીજી હસતા હતા..પોરબંદરના આ જણને ‘જય જય ગરવી ગુજરાત’ કહેવું કે ‘જય હિંદ’ કહેવું..! વાઈબ્રન્ટ ગુજરાત..ગતિશીલ ગુજરાત એવું કાંઈક ગાંધીજી બોલતા હોય તેવો મને ભાસ થયો..!


## દિલના દરવાજે દસ્તક

(ડૉ. બાબાસાહેબ આંબેડકરનાં આત્મકથનાત્મક લખાણો)




: અનુવાદ :
ઉર્વીશ કોઠારી, ચંદુ મહેરિયા,
: પ્રકાશક :
દલિત અધિકાર પ્રકાશન,
બી-૫૮, ન્યૂ હીરાબાગ સોસાયટી,
ગુરુકૃપા સ્કૂલ પાસે, સી.ટી.એમ.,
અમદાવાદ-૩૮૦૦૨૬.
કિંમત : રૂપિયા ૩૦/-
મો. નં. ૯૮૨૪૬ ૮૦૪૧૦

નવી આવૃત્તિ પ્રગટ થઈ ગઈ છે.
૨૫ કે તેથી વધુ નકલો રૂબરૂમાં અડધી કિંમતે માત્ર રૂ. ૧૫/-માં મળશે



**દલિત અધિકાર** પાક્ષિક

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશકુમાર આર. મહેરિયા
૧૭૯૦, અબુકસાઈની ધાબાવાળી ચાલી, રાજપુર,
પોસ્ટ ઓફિસ સામે, અમદાવાદ-૩૮૦૦૨૧
ફોન : (મો.) ૯૮૨૪૬ ૮૦૪૧૦, ૯૯૨૫૭ ૧૯૫૬૫
મુદ્રણ સ્થાન : માંગલ્ય મુદ્રણાલય,
૧૦૭, પાર્વતી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, તાવડીપુરા, અમદાવાદ.